ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૧ અંક : ૩૦૯ તા.૧૧.૦૭.૨૦૨૪, ગુરુવાર પાનાઃ ૬ કિંમતઃ રૂ.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 309 Dt. 11-07-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com

સુવિચાર

વ્યક્તિએ ક્યારેય તકની રાહ જોવી જોઈએ નહીં, કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે!

ત્રણ કિસ્સામાં સુપ્રીમ કોર્ટના મહત્વના આદેશ

■ ગુરુવારે આજે સુપ્રીમ કોર્ટે મહત્વના ૩ કેસમાં મહત્વપુર્ણ વાત કરી છે. જેમાં સૌથી મહત્વના ભરણપોષણના કેસમાં મહિલાઓના હિતમાં મહત્વપુર્ણ વાત કરી હતી.તો કચ્છમાં ૧૦૮ હેક્ટર જમીન ફાળવવા મામલે ગુજરાત હાઈકોર્ટે એક જનહિત અરજી પર સુનાવણી હાથ ધરી આ નિર્ણય કર્યો હતો તો બંગાળ સરકાર ઈડી કાર્યવાહી બાદ સુપ્રીમમાં ગઈ હતી

ભરણપોષણ ચેરિટી નથી, મહિલાઓનો અધિકાર

સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપ્યો હતો કે છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૨૫ હેઠળ તેના પતિ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે, જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે ઝિરઝુર હેઠળ છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી મુસ્લિમ વ્યક્તિની અરજીને ફગાવી દેતાં મોટો ચુકાદો આવ્યો હતો ન્યાયાધીશ નાગરથનાએ કહ્યું, "અમે આથી મુખ્ય નિષ્કર્ષ સાથે ફોજદારી અપીલને ફગાવીએ છીએ કે કલમ ૧૨૫ તમામ મહિલાઓને લાગુ પડશે અને માત્ર પરિણીત મહિલાઓને જ નહીં,"બેન્ચે સ્પષ્ટ કર્યું કે ભરણપોષણ મેળવવાનો કાયદો તમામ પરિણીત મહિલાઓને લાગુ પડે છે, પછી ભલે તે કોઈપણ ધર્મની હોય. કોર્ટે કહ્યું કે ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર છે. જસ્ટિસ નાગરથનાએ કડક ટિપ્પણીમાં કહ્યું, "કેટલાક પતિઓ એ હકીકત વિશે સભાન નથી કે પત્ની, જે ગૃહિણી છે, તે ભાવનાત્મક રીતે અને અન્ય રીતે તેમના પર નિર્ભર છે.સમય આવી ગયો છે જ્યારે ભારતીય પુરુષે ગૃહિણીની ભૂમિકાને ઓળખવી જોઈએ અને બલિદાન."મોહમ્મદ અબ્દુલ સમદની અરજી પર આ સીમાચિહ્નરૂપ ચુકાદો આવ્યો હતો, સુપ્રીમ કોર્ટે કહ્યુ કે કલમ ૧૨૫ દરેકને લાગુ પડે છે, પછી ભલે તેનો ધર્મ કોઈ પણ હોય. જો કે, મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ દ્વારા આને પાતળું કરવામાં આવ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે મુસ્લિમ મહિલા છૂટાછેડાના ૯૦ દિવસ પછી -ઇદ્દત દરમિયાન જ ભરણ પોષણ માંગી શકે છે. ૨૦૦૧માં, સર્વોચ્ચ અદાલતે ૧૯૮૬ના કાયદાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું, પરંતુ ચુકાદો આપ્યો હતો કે તેની છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ પૂરું પાડવાની પુરુષની જવાબદારી જ્યાં સુધી તે ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન બને ત્યાં સુધી લંબાય છે. આજનો આદેશ છૂટાછેડા લીધેલી મહિલાના સીઆરપીસી હેઠળ ભરણપોષણ મેળવવાના આદેશને વધુ એકીકૃત કરે છે, પછી ભલે તે તેના ધર્મના હોય.

ગુજરાત હાઈકોર્ટના આદેશ પર સુપ્રીમનો સ્ટે

ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ હેક્ટર જમીન પાછી લેવા વિરુદ્ધના અદાણી પોર્ટ્સ અને એસઈઝેડ લિમિટેડની અરજી પર સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ સહમત થઈ ગઈ છે. કોર્ટે અદાણી પોર્ટ્સ પાસેથી ૧૦૮ હેક્ટર જમીન પાછી લેવાના નિર્દેશ આપતા ગુજરાત હાઈકોર્ટના આદેશ પર રોક લગાવી છે.સુપ્રીમ કોર્ટે આ કેસમાં ગુજરાત સરકારને નોટિસ પાઠવીને જવાબ પણ માંગ્યો છે. અત્રે જણાવવાનું કે અદાણી પોર્ટ્સને કચ્છ વિસ્તારમાં ૧૦૮ હેક્ટર જમીન ફાળવવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે એક જનહિત અરજી પર સુનાવણી હાથ ધરી જેમાં જમીન ફાળવણીને પડકારવામાં આવી હતી. જનહિત અરજીમાં સ્થાનિક સમુદાય માટે ગૌચર જમીનના નુકસાનનો હવાલો આપવામાં આવ્યો હતો.૨૦ વર્ષ પહેલા અદાણી સમૂહને જે જમીન ફાળવવામાં આવી હતી તે ફાળવણી રદ કરવાનો નિર્દેશ અપાયો હતો.ગુજરાત સરકારે શુક્રવારે હાઈકોર્ટને જાણ કરી કે તે લગભગ ૧૦૮ હેક્ટર ગૌચર જમીન પાછી લઈ લેશે જે ૨૦૦૫માં રાજ્યના કચ્છ જિલ્લામાં મુંદ્રા પોર્ટ પાસે અદાણી સમૂહના એક યુનિટને આપવામાં આવી હતી.કચ્છના નવીનાળ ગામના રહીશો દ્વારા અદાણી પોર્ટ્સ એન્ડ એસઈઝેડ લિમિટેડને ૨૩૧ એકર ગૌચર જમીન ફાળવણી કરવાના નિર્ણય વિરુદ્ધ હાઈકોર્ટમાં જનહિત અરજી દાખલ કર્યાના ૧૩ વર્ષ બાદ સરકારે આ નિર્ણય લીધો હતો.ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૪માં જનહિત અરજીનો નિકાલ કર્યો હતો. જો કે બાદની અરજી પર ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપતા સરકારની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે કહ્યું કે, જમીન કાગળ પર નહીં પરંતુ ખરેખર આપવામાં આવે જે ચુકાદા સામે અદાણી સુપ્રિમમા ગયુ હતુ અને સ્ટે લાવ્યુ છે. ગુજરાતમાં ગૌચર જમીન મુદ્દે હાઈકોર્ટના નિર્ણયના સમાચારે ભારે ચર્ચા જગાવી હતી. જો કે હાઈકોર્ટના કડક નિર્દેશો બાદ સુપ્રીમે હાલ પુરતી અદાણી અને સરકારને રાહત આપી છે.

સીબીઆઇ તપાસ માટે રાજ્ય સરકારની સંમતિ જરૂરી

પશ્ચિમ બંગાળમાં સીબીઆઇ તપાસ સામે મમતા સરકારે ૧ મેના રોજ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. જે મામલે કોર્ટે નિર્ણય અનામત રાખ્યા બાદ બુદવારે કોર્ટે અરજીને સુનાવણી માટે યોગ્ય ગણાવી હતી. જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે કેન્દ્ર સરકારની એ દલીલને ફગાવી દીધી હતી કે આ અરજી સુનાવણીને યોગ્ય નથી.કોર્ટે કહ્યું-કે બંગાળ સરકારે કાયદાકીય પાસાને ઉઠાવ્યું છે જેના પર વિચાર કરવો જોઈએ. કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૧૩ ઓગસ્ટે કરશે. આ સાથે ખંડપીઠે કહ્યું કે, જ્યારે રાજ્ય સરકારે સીબીઆઇ તપાસ માટે આપેલી મંજુરી પાછી ખેંચી લીધી, તો પછી એજન્સી ત્યાં કેસ કેમ નોંધી રહી છે.બંગાળ સરકારે બંધારણની કલમ ૧૩૧ને ટાંકીને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તેમાં સુપ્રીમ કોર્ટના અધિકારક્ષેત્રનો ઉલ્લેખ છે.આ મુજબ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના કેસોની સુનાવણી માત્ર સુપ્રીમ કોર્ટમાં જ થાય છે. ઇડીએ ૫ જાન્યુઆરીમાં બંગાળના સંદેશખાલીમાં ટીએમસી નેતા શેખ શાહજહાંના ઘરે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ટીએમસી સમર્થકો દ્વારા અધિકારીઓ પર ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ત્રણ અધિકારીઓ ઘાયલ થયા હતા. બાદમાં સામે આવ્યું કે શાહજહાંએ ઘણી મહિલાઓનું યૌનશોષણ કર્યુ હતું.પશ્ચિમ બંગાળ સરકારની અરજીને સુપ્રીમે યોગ્ય ગણાવી હતી જે મામલે ૧૩ ઓગસ્ટે આગામી સુનાવણી થશે પશ્ચિમ બંગાળ સરકારે ૧૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ CBIને રાજ્યમાં તપાસ અને દરોડા પાડવા માટે આપવામાં આવેલી 'સામાન્ય સંમતિ' પાછી ખેંચી લીધી હતી. તે સમયે મમતા બેનર્જીએ ચિટ ફંડ કૌભાંડને લઈને કેન્દ્ર સરકાર પર કેન્દ્રીય તપાસ એજન્સીઓના દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. જે બાદ મામલો સુપ્રિમમાં પહોચ્યો હતો.

ઉન્નાવમાં લખનઉ-આગરા એક્સપ્રેસ વે નજીક અકસ્માત : ૧૮ લોકોના મોત

ઉન્નાવમાં લખનઉ-આગરા એક્સપ્રેસ વે નજીક બુધવાર સવારે એક ભીષણ માર્ગ અકસ્માત સર્જાયો હતો. બેહટા મુજાવર ક્ષેત્રમાં ગઢા ગામ નજીક એક સ્લીપર બસ તેની આગળ ચાલતા દૂધના ટેન્કરમાં ઘૂસી ગઇ હતી. દુર્ઘટનામાં એક બાળક સહિત ૧૮ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતા. જોકે ૨૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. એસડીએમ નમ્રતા સિંહે પહેલા ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને સીએચસીમાં ઈજાગ્રસ્તો સાથે મુલાકાત કરી ઘટના વિશે જાણવાનો પ્રયાસ કર્યો હતો. ડૉક્ટરોને પણ સારવારમાં ઝડપ દાખવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. પોતાન ઘરેથી સપનાના સજાવીને કમાવા માટે નીકળેલા આ લોકોને ક્યાં ખબર હતી કે તેમને સપના સાથે તેઓ પણ દમ તોડી દેશે. મનમાં હજારો સપના હતા, પૈસા કમાશે, પરિવારને આપશે અને પરત ઘરે ફરી પોતાના સપનોના આશિયાના બનાવશે. મનમાં કેટલાય સપનાઓ લઈને બસમાં સવાર થયેલા આ લોકોને ક્યાં ખબર હતી કે તેમના સપના ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં તૂટી જશે. યુપીના ઉન્નાવમાં બુધવારના રોજ થયેલા માર્ગ અકસ્માતમાં ચારેકોર ચીસો ગુંજી ઉઠી હતી. બિહારના સીતામઢી, શિવહર જિલ્લાથી લઈને ચંપારણ જિલ્લા સુધી આ ચીસો સંભળાઈ હતી. વાસ્તવમાં, સીતામઢીથી એક સ્લીપર બસ દિલ્હી આવી રહી હતી. પરંતુ રસ્તામાં જ ઉન્નાવ નજીક લખનૌ-આગ્રા હાઇવે પાસે એક ભયંકર માર્ગ અકસ્માતનો શિકાર થઈ હતી. ઝડપી રફ્તારને કારણે ડબલ ડેકર બસ અચાનક દૂધ કન્ટેનર સાથે અથડાતા ચારેકોર લાશોનો ઢેર થઈ ગયો હતો.

બોમ્બે હાઈકોર્ટે પતંજલિને ફટકાર્યો ૫૦ લાખનો દંડ

બાબા રામદેવની પતંજલિ આર્યુવેદ સામે એક પછી એક કાનૂની અડચણો આવી રહી છે. હવે કપૂરની પ્રોડક્ટ સંબંધિત એક કેસમાં બોમ્બે હાઈકોર્ટે ૫૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે આદેશનું ઉલ્લંઘન કરવા બદલ આ એક્શન લીધી હતી. ખરેખર હાઇકોર્ટમાં પતંજલિ આયુર્વેદ સામે ટ્રેડમાર્ક ઉલ્લંઘનનો કેસ દાખલ થયો હતો. આ કેસ પણ કપૂર પ્રોડક્ટ્સ સાથે સંકળાયેલો હતો. ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ કોર્ટે પતંજલિ સામે કપૂરની પ્રોડક્ટ વેચવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. વચગાળાની અરજી દ્વારા કોર્ટને જાણકારી મળી કે પતંજલિએ આદેશનું ઉલ્લંઘન કર્યું છે. તાજેતરના કેસમાં સુનાવણી જસ્ટિસ આર.આઈ છાગલાએ કરી હતી. તેમણે નોંધ લીધી કે પતંજલિએ જાતે જ ઓગસ્ટમાં આદેશ જારી થયા બાદ કપૂરની પ્રોડક્ટ્સનો સપ્લાય કર્યો હતો. કોર્ટે આદેશમાં કહ્યું કે પક્ષકાર નંબર ૧ તરફથી ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ પ્રતિબંધના આદેશનું વારંવાર ઉલ્લંઘન કોર્ટ સહન નહીં કરે. કોર્ટે પતંજલિ આયુર્વેદને આદેશ જારી થવાના એક સપ્તાહમાં ૫૦ લાખ રૂપિયા જમા કરાવવા કહ્યા છે. કોર્ટના આદેશ બાદ પતંજલિએ સોગંદનામુ દાખલ કર્યું હતું. જેમાં બિનશરતી માફી માગી હતી અને કોર્ટના આદેશનું પાલન કરવા કહ્યું હતું.

ભારતે ત્રીજી મેચમાં ઝિમ્બાબ્વેને ૨૩ રને હરાવ્યું

ભારતે ટી-૨૦ શ્રેણીની ત્રીજી મેચમાં ઝિમ્બાબ્વેને ૨૩ રને હરાવ્યું છે. આ જીત સાથે ટીમે ૫ મેચની સિરીઝમાં ૨-૧ની લીડ મેળવી લીધી છે. સિરીઝની ચોથી મેચ ૧૩ જુલાઈએ રમાશે મ ઈન્ડિયાએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય કર્યો અને ૨૦ ઓવરમાં ૪ વિકેટે ૧૮૨ રન બનાવ્યા. ૧૮૩ રનના ટાર્ગેટને ચેઝ કરતા ઝિમ્બાબ્વે ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૫૯ રન જ બનાવી શકી હતી. ટીમે ૩૯ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી ઝિમ્બાબ્વે તરફથી ડીયોન માયર્સે ૪૯ બોલમાં ૬૫ રનની અણનમ ઈનિંગ રમી હતી.ભારત તરફથી સૌથી વધુ ૩ વિકેટ વોશિંગ્ટન સુંદરે ઝડપી હતી. જ્યારે આવેશ ખાને ૨ વિકેટ લીધી હતી. ભારત તરફથી કેપ્ટન શુભમન ગિલે ૫૦ બોલમાં ૬૬ રનની ઈનિંગ રમી હતી જ્યારે ઋતુરાજ ગાયકવાડે ૪૯ રન બનાવ્યા હતા. અભિષેક શર્મા ૧૦ રન તો યશસ્વી જયસ્વાલે ૩૬ રન બનાવ્યા હતા.ઝિમ્બાબ્વે તરફથી કેપ્ટન સિકંદર રઝાએ અને બ્લેસિંગ મુઝરાબાનીને ૨-૨ વિકેટ મળી હતી.

સિક્કિમ 'વિપક્ષ મુક્ત ! દિલ્હીમાં પુર્વ મંત્રી સહિત અનેકના કેસરીયા

નવીદિલ્હી,તા.૧૦

સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના એકમાત્ર ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથા બુધવારે સત્તાધારી સિક્કિમ ક્રાંતિકારી મોરચા (એસકેએમ) માં જોડાયા. આ રીતે સિક્કિમમાં હવે વિપક્ષનો એક પણ ધારાસભ્ય બચ્યો નથી. તમને જણાવી દઈએ કે સિક્કિમમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સિક્કિમ ક્રાંતિકારી મોરચા અને ભારતીય જનતા પાર્ટીએ અલગ-અલગ ચૂંટણી લડી હતી, પરંતુ એસકેએમ કેન્દ્રમાં બીજેપી ના નેતૃત્વવાળી એનડીએમાં સામેલ છે. આ રીતે આપણે કહી શકીએ કે સિક્કિમમાં વિપક્ષના એકમાત્ર નેતા એનડીએ ગઠબંધનમાં સામેલ થયા છે. સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ફેસબુક' પર પોસ્ટ કરીને કહ્યું, 'હું આજે મારા સત્તાવાર નિવાસસ્થાને ૨૩-સ્યારી વિધાનસભા બેઠકના

ધારાસભ્ય તેનઝિંગ નોર્બુ લામથા ને મળીને ખૂબ જ ખુશ છું. તેઓ સત્તાવાર રીતે અમારા એસકેએમ પરિવારમાં જોડાયા છે.' તમંગે સ્વીકાર્યું કે લમથા એ તેમના મતવિસ્તારના હિતોને લગતી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ મતવિસ્તારની સમસ્યાઓ હવે વ્યાપક વિકાસ યોજનાના ભાગરૂપે હલ કરવામાં આવશે. તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવનારા લમથા એકમાત્ર એસડીએફ નેતા હતા. તેમણે એસકેએમના વરિષ્ઠ નેતા અને શિક્ષણ પ્રધાન કુંગા નીમા લેપ્ચાને ૧,૩૧૪ મતોના માર્જિનથી હરાવ્યા. એસકેએમમાં જોડાવાના નિર્ણય પર ટિપ્પણી કરવા માટે તે ઉપલબ્ધ નહોતો જો આ રીતે જોવામાં આવે તો સિક્કિમ આ સમયે સંપૂર્ણપણે વિરોધ મુક્ત છે. બીજી તરફ આમ આદમી પાર્ટી ના પૂર્વ નેતા અને મંત્રી રાજ-કુમાર આનંદ આજે બુધવારે ભાજપમાં જોડાયા છે. તેમણે લોકસભા ચૂંટણી પહેલા મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને બસપામાં જોડાયા હતા. દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા.એપ્રિલ મહિના દરમિયાન રાજકુમાર આનંદે ભ્રષ્ટાચાર અંગેની પાર્ટી ની નીતિ પર અસંતોષ વ્યક્ત કરીને કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું. તેમનું રાજીનામું સીધું દારૂ નીતિ કેસ સાથે જોડાયેલું હતું, જેમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા સહિતના અગ્રણી નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમની સાથે આમ આદમી પાર્ટી ના વર્તમાન ધારાસભ્ય કરતાર સિંહ તંવર, રત્નેશ ગુપ્તા, સચિન રાય, પૂર્વ ધારાસભ્ય વીણા આનંદ અને AAP કાઉન્સિલર ઉમેદ સિંહ ફોગાટ પણ ભાજપમાં જોડાયા છે.

હવે કર્ણાટકમાં એમયુડીયુ કૌભાંડ

મૈસુર,તા.૧૦

મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી તરફથી વળતર માટે ખોટા દસ્તાવેજો તૈયાર કરવા મામલે કર્ણાટક ના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને અન્ય નવ લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. સામાજિક કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણાએ સિદ્ધારમૈયા, તેમની પત્ની પાર્વતી, સાળા મલ્લિકાર્જુન સ્વામી, જમીનદાર દેવરાજ અને અન્ય છ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં ડેપ્યુટી કમિશનર, મામલતદાર, ડેપ્યુટી રજીસ્ટ્રાર અને સ્ટેંછ અધિકારીઓની સંડોવણીનો પણ આરોપ છે. પોલીસ ફરિયાદ ઉપરાંત, કૃષ્ણાએ કર્ણાટકના રાજ્યપાલ, રાજ્યના મુખ્ય સચિવ અને મહેસૂલ વિભાગના મુખ્ય સચિવને પણ પત્ર લખીને ગેરરીતિઓની તપાસની માંગ કરી છે. એવો આરોપ છે કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, તેમની પત્ની અને સંબંધીઓએ એમયુડીએ અધિકારીઓ સાથે મળીને ૫૦:૫૦ સાઇટ વિતરણ યોજના હેઠળ છેતરપિંડીથી મોંઘી સાઇટ્સ પોતાના નામે કરવા માટે ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

આ યોજના કર્ણાટકમાં અગાઉની

ભાજપ અને વર્તમાન કોંગ્રેસ સરકારના કાર્યકાળ દરમિયાન લાગુ કરવામાં આવી હતી. જમીન ફાળવણીનો વિવાદ એટલા માટે ચર્ચામાં છે કારણ કે કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાની પત્ની ૨૦૨૧માં આ એમયુડીએ યોજનામાં લાભાર્થી હતા. ખરેખરમાં, આ યોજના હેઠળ, મૈસૂર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી કોઈપણ જમીન પર રહેણાંક લેઆઉટ વિકસાવવા માટે જમીન સંપાદન કરી શકશે. સંપાદનના બદલામાં, જમીન માલિકોને વિકસિત સ્થાન પર ૫૦% જમીન આપવામાં આવશે. પરંતુ આ સ્કીમ પર વધી રહેલા વિવાદને કારણે ૨૦૨૩માં શહેરી વિકાસ મંત્રી બૈરાઠી સુરેશ દ્વારા તેને પાછી ખેંચી લેવામાં આવી હતી.

હિટવેવના કારણે બાબા બર્ફાની વિલીન થઈ ગયા

જમ્મુ, તા.૧૦

અમરનાથ યાત્રા શરૂ થયાને માત્ર ૧૦ દિવસ થયા છે, ત્યારે શ્રદ્ધાળુઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. મળતા અહેવાલો મુજબ હિટવેવના કારણે બાબા બર્ફાની વિલીન થઈ ગયા છે. આ વર્ષે યાત્રા ૨૯ જૂને શરૂ થઈ હતી, જોકે છ જુલાઈએ વિગતો સાંપડી છે કે, અમરનાથ ગુફામાં હિમલિંગ (બરફથી બનેલું શિવલિંગ) પિગળી ગયું છે. ઓછા સમયમાં બાબા બર્ફાની અદૃશ્ય થવા પાછળ ગરમી જવાબદાર છે. તો જાણીએ આ સમસ્યાને અટકાવવા માટે શું પગલાં ભરવા જરૂરી છે.

અમરનાથની ગુફામાં કુદરતી રીતે બરફના શિવલિંગનું નિર્માણ થાય છે. ઉનાળામાં આ ગુફાની અંદરનું પાણી થીજી જાય છે, જેના કારણે શિવલિંગનો આકાર વધે છે. નિષ્ણાતોનું માનવું છે કે, જ્યારે ઓછો વરસાદ પડે છે, ત્યારે કોઈપણ વિસ્તારમાં ગરમી વધે છે. આ ઉપરાંત આ વખતે ભીષણ ગરમી પણ પડી છે. ઉત્તર અને મધ્ય ભારત મે મહિનાથી જ ભીષણ ગરમનો સામનો કરી રહ્યા છે. તાજેતરમાં જ કાશ્મીર ખીણમાં મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું, જે સામાન્યથી ૭.૯ ડિગ્રી સેલ્સિયસ વધું હતું. અમરનાથ ગુફાના પુજારીઓએ પણ દાવો કર્યો છે કે, આ વખતે ગરમીના કારણે બાબા બર્ફાની પીગળી ગયા છે.

હવામાન વિભાગના જમાવ્યા મુજબ ગ્લોબલ વોર્મિંગના કારણે વિશ્વભરમાં જળવાયું પરિવર્તન થઈ રહ્યું છે. આ કારણે ખીણના લોકો પણ ભીષણ ગરમી અને ભેજનો સામનો કરી રહ્યા છે, જેની સીધી અસર બાબા બર્ફાની પર પડી છે. જોકે માત્ર ગ્લોબલ વોર્મિંગ જ નહીં, ગુફાની આસપાસ માનવીય અને યાંત્રિક પ્રવૃત્તિઓ વધવાના કારણે પણ અસર પડી હોય તેવું કહેવાય છે.

આતંકવાદની સખત નિંદા,ઓસ્ટ્રિયામાં યુક્રેન યુદ્ધ સંકટની વાત

નવીદિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓસ્ટ્રિયાની એક દિવસની મુલાકાતે છે. બુધવારે પીએમ મોદીએ ઓસ્ટ્રિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝાંડર વાન ડેર બેલેન સાથે મુલાકાત કરી હતી. આ પછી ઓસ્ટ્રિયાના ચાન્સેલર કાર્લ નેહામર સાથે સંયુક્ત મંત્રણા કરવામાં આવી હતી. આ દરમિયાન પીએમ મોદીએ આતંકવાદની સખત નિંદા કરી અને પરસ્પર સહયોગ વધારવા પર ભાર મૂક્યો. સંયુક્ત મંત્રણાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, 'ભારત અને ઓસ્ટ્રિયા આતંકવાદની સખત નિંદા કરે છે. અમે સંમત છીએ કે આ કોઈપણ સ્વરૂપમાં સ્વીકારવામાં આવશે નહીં. આતંકવાદને કોઈપણ રીતે ન્યાયી ઠેરવી શકાય નહીં. અમે સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં ફેરફારો માટે સંમત છીએ, જેથી તેમને મજબૂત કરી શકાય. ચાન્સેલર નેહમેર અને મેં વિશ્વમાં ચાલી રહેલા સંઘર્ષો વિશે લાંબી વાત કરી, પછી ભલે તે યુક્રેનનો સંઘર્ષ હોય કે પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ. મેં અગાઉ પણ કહ્યું હતું કે આ યુદ્ધનો સમય

નથી. યુદ્ધના મેદાનમાં સમસ્યાઓ ઉકેલી શકાતી નથી. નિર્દોષ બાળકોના મોત, ગમે ત્યાં થાય તે સ્વીકાર્ય નથી. અમે શાંતિ અને સ્થિરતાની વહેલી પુનઃસ્થાપ ના માટે સંવાદ અને મુત્સદ્દીગીરી પર આગ્રહ રાખીએ છીએ. આ માટે અમે બંને સાથે મળીને તમામ શક્ય સહયોગ આપવા તૈયાર છીએ.

પીએમ મોદીએ વધુમાં કહ્યું, 'હું ખુશ છું કે મને મારા ત્રીજા કાર્યકાળની શરૂઆતમાં ઓસ્ટ્રિયા જવાનો મોકો મળ્યો. મારી આ યાત્રા ઐતિહાસિક અને ખાસ છે. ભારતીય વડાપ્રધાન ૪૧ વર્ષ બાદ ઓસ્ટ્રિયાની મુલાકાતે આવ્યા છે. એ પણ એક સુખદ સંયોગ છે કે આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે આપણા પરસ્પર સંબંધોના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. લોકશાહી અને કાયદાના શાસન જેવા મૂલ્યોમાં પરસ્પર વિશ્વાસ એ આપ ણા સંબંધોનો પાયો છે. પરસ્પર વિશ્વાસ આપણા સંબંધોને મજબૂત બનાવે છે. આજે મેં અને ચાન્સેલર નેહમરે ખૂબ જ ફળદાયી વાતચીત કરી. અમે પરસ્પર સહયોગને વધુ મજબૂત કરવા માટે નવી શક્યતાઓ ઓળખી છે. અમે નક્કી કર્યું કે સંબંધોને વ્યૂહાત્મક દિશા આપવામાં આવશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'આગામી દાયકા માટે સહકારની બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આ માત્ર આર્થિક સહયોગ અને રોકાણ પૂરતું મર્યાદિત નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ઈનોવેશન, રિન્યુએબલ એનર્જી, હાઈડ્રોજન, વોટર એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ અને ક્વોન્ટમ જેવા ક્ષેત્રો માં એકબીજાની શક્તિઓને જોડવાનું કામ કરવામાં આવશે. બંને દેશોની યુવા શક્તિ અને વિચારોને જોડવા માટે સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવામાં આવશે. ગતિશીલતા અને સ્થળાંતર પર ભાગીદારી પર પહેલાથી જ એક કરાર થઈ ગયો છે. કાનૂની સ્થળાંતર અને કુશળ કાર્યબળને આગળ વધારવા માટે સમર્થન આપવામાં આવશે. અમે આબોહવા પરિવર્તન અને આતંકવાદ જેવા આજે માનવજાત સામેના પડકારો પર પણ મંતવ્યો શેર કર્યા. અમે ઑસ્ટ્રિયા ને આંતરરાષ્ટ્રીય સૌર ભાગીદારી અને બાયોફ્યુઅલ પાર્ટનરશિપ જેવી ક્લાઇમેટ પહેલમાં જોડાવા માટે આમંત્રિત કરીએ છીએ.

ભારત જ રશિયા-યુક્રેન યુદ્ધને અટકાવી શકે : અમેરિકા

વોશિંગ્ટન, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બે દિવસીય રશિયા પ્રવાસ પર હતાં. તેમની પુતિન સાથેની બેઠક પર અમેરકા અને ચીન સહિત અનેક દેશોની નજર હતી. રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે પ્રથમ વખત વડાપ્રધાન મોદી રશિયા પહોંચ્યા હતાં, જ્યાં રાષ્ટ્રપતિ પુતિન સાથે મુલાકાત દરમિયાન યુદ્ધ અંગે પણ ચર્ચા-વિચારણા કરી હતી.

બંને નેતાઓ વચ્ચે રશિયા-યુક્રેન યુદ્ધ પર ચર્ચામાં વડાપ્રધાન મોદીએ સ્પષ્ટપણે રશિયા-યુક્રેન યુદ્ધમાં મૃત્યુ પામનારા લોકો ખાસ કરીને બાળકો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમજ આ વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવા અપીલ કરી હતી. યુદ્ધમાં અમેરિકા યુક્રેનના સમર્થનમાં છે, વડાપ્રધાન મોદીના રશિયા પ્રવાસ પર અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે કે, રશિયા અને ભારત વચ્ચે સારા સંબંધના કારણે આ યુદ્ધ પર લગામ લાગી શકે છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કરિન જિન-પિયરે વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાત અંગેના સવાલમાં જવાબ આપ્યો હતો કે, ભારત અને અમેરિકા એ વ્યૂહાત્મક ભાગીદાર છે. બંને દેશો વચ્ચે દરેક મુદ્દે સ્પષ્ટ વાતચીત થવી જોઈએ. ભારત સહિત તમામ દેશ સ્થાયી શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસોને સમર્થન આપે છે. અમેરિકાનું માનવુ છે કે, ભારત પાસે એવી ક્ષમતા છે કે, તે રશિય

આજનું રાશિફળ

મેષ :
આજથી સંતોષી જીવન માટે તમારી માનસિક દૃઢતામાં વધારો કરો. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે. વળી, આ લતમાંથી છૂટવા માટે આ સમય યોગ્ય પણ છે. યાદ રાખો લોહું ગરમ હોય ત્યારે જ આપણે ઘા કરવો જોઈએ. આજે કોઈની છેડતી કરશો નહી. તમારા ભાગીદાર સાથે કામ લેવું મુશ્કેલ હશે. આજે ઘર ના લોકો સાથે વાત કરતી વખતે તમારા મોંમાં થી કંઇક એવી વાત આવી શકે છે જેના કારણે ઘર ના લોકો ગુસ્સે થઈ શકે છે. આ પછી તમે ઘર ના લોકો ને સમજાવવા માટે ઘણો સમય પસાર કરી શકો છો. કોઈ અજાણી વ્યક્તિને કારણે તમારા અને તમારા જીવનસાથી વચ્ચે ખટરાગ થવાની શક્યતા છે.

વૃષભ :
આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે ઊભાથતી વખતે અને બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. તમારી હિંમત પ્રેમ અપાવશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. તમારે આજે વસ્તુઓ ને બરાબર સમજવા નો પ્રયત્ન કરવો જોઈએ, નહીં તો તમે તમારા ફાજલ સમય પર આ બાબતો વિશે વિચારતા રહેશો અને તમારો સમય બગાડશો!. તમારા જીવનસાથી આજ તમને વખાણશે, તમારા વિશે સારી વાત કરશે અને તમારા પ્રેમમાં નવેસરથી પડશે.

મિથુન :
આજે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. આજે રોમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે. આ તમારા પરિવાર માં સુમેળ પેદા કરશે. આજનો દિવસ તમને તમારા સાથીની રોમેન્ટિક બાજુની અંતિમ હદ દેખાડશે.

કર્ક :
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. આજે નવી ભાગીદારી આશાસ્પદ ઠરશે. દિવસ ની શરૂઆત ભલે થોડી મંદ હોય પરંતુ જેમ જેમ દિવસ વધશે તમને સારા ફળ મળવા લાગશો દિવસ ના અંત માં તમને પોતાના માટે સમય મળી શકશે અને તમે કોઈ નજીકી થી મુલાકાત કરી આ સમય નું સદુપયોગ કરી શકો છો! આજે તમારા જીવનસાથી સાથે તમારી ગંભીર બોલાચાલી થઈ શકે છે.

સિંહ :
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે-તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે! તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ, પણ જો તમે કામ કરી રહ્યો હો તો તમારે બિઝનેસને લગતા સોદાઓમાં સાવચેતી રાખજો. સમસ્યાઓ વચ્ચે ઝડપથી કામ કરવાની તમારી ક્ષમતા તમને માન-મરતબો અપાવશે. તમે અને જીવનસાથી કોઈક નાના મુદ્દા પર ઝઘડશો પણ લાંબા ગાળે આ બાબત તમારા લગ્નજીવનને નુકસાન કરશે. અન્યો જે કંઈ કહે છે અથવા સૂચવે છે તેના પર વિશ્વાસ ન રાખવા જેટલી તકેદારી રાખજો.

કન્યા :
આજે તમારો માયાળુ સ્વભાવ તમારા માટે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો. કામમાં ધીમી પ્રગતિ નાનકડું ટેન્શન લાવશે. આજે લોકો તમારા વિશે શું વિચારે છે તેનાથી તમને વાંધો નહી. તેના બદલે આજે તમને તમારા મફત સમય માં કોઈને મળવાનું ગમશે નહી અને એકાંત માં ખુશ રહેશો. તમને અત્યંત ખુશ કરવા તમારા જીવનસાથી આજે ઘણી જહેમત ઉઠાવશે.

તુલા :
આજે તમારૂં શારીરિક સામર્થ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે. પ્રવાસ તથા શિક્ષણને લગતો ધંધો તમારી જાગરૂકતા વધારશે. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

વૃશ્ચિક :
આજના દિવસે તમારે પોતાની કુશળ બુદ્ધિનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારા દિલ અને મગજ પર રોમાન્સનું રાજ હશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. તમારા લગ્નજીવનના સંદર્ભમાં પરિસ્થિતિ ખરેખર માનવામાં ન આવે તેવી જણાય છે.

ધન :
આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો રોમેન્ટિક દિવસ બગાડી નાખશે. વધારે પડતા કામ છતાંય કાર્યક્ષેત્ર માં તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમે આપેલા કામ ને સમય સીમા પહેલાજ પૂર્ણ કરી લેશો! આજે આ રાશિ ના વિદ્યાર્થીઓ તેમના કિંમતી સમય નો દુરૂપયોગ કરી શકે છે. તમે જરૂરી કરતાં મોબાઈલ અથવા ટીવી પર વધુ સમય વિતાવી શકો છો. તમારા જીવનસાથીની રૂક્ષતા તમને દિવસભર નારાજ કરી શકે છે.

મકર :
આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારવામાં તમને ખૂબ મદદ કરશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. નાના ભાઈ કે બહેન તમારી મદદ માગી શકે છે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે. તમારા ધ્યેયની દિશામાં શાંતિપૂર્વક કામ કરો અને તમે સફલતા સુધી ન પહોંચો ત્યાં સુધી તમારો હેતુ છતો ન કરો. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે. આવું કરવા થી તમારા લોકો વચ્ચે પ્રેમ વધશે! શું તમે એવું વિચારો છો કે લગ્નજીવન એટલે માત્ર સમાધાન? જો એવું હોય તો, તમને આજે સમજાશે કે લગ્ન તમારા જીવનમાં બનેલી સૌથી શ્રેષ્ઠતમ ઘટના છે.

કુંભ :
આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યન કેન્દ્રિત રહેશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. આ રાશિ ના વેપારીઓ ને આજે કોઈ નજીકી ની ખોટી સલાહ ને લીધે પરેશાની થયી શકે છે. નોકરી કરવાવાળા જાતકો ને આજે કાર્યક્ષેત્ર માં કાળજી પૂર્વક ચાલવા ની જરૂર છે. તમે આજે કેવું અનુભવો છો તે અન્યોને જણાવવા ઉતાવળા ન બનો. તમારા જીવનસાથી સાથે આ તમારો સૌથી રોમેન્ટિક દિવસ બની રહેશે.

મીન :
આજના દિવસે ખાસ કરીને તમારે તબિયત પર ધ્યાન આપવું પડશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે. આની સાથે નોકરીપેશા થી સંકળાયેલા આ રાશિ ના જાતક આજે પોતાની પ્રતિભા નું પૂર્ણ વપરાશ કાર્યક્ષેત્ર માં કરી શકે છે. આજે તમે ઘર ના નાના સભ્યો સાથે પાર્ક અથવા શોપિંગ મોલ માં જઈ શકો છો. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે.

સરગવાની પ્રાકૃતિક ખેતી દ્વારા વધુ નફો મેળવતા અબડાસાના ખેડૂત

ભુજ તા.૧૦
કચ્છમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પ્રેરણારૂપ બન્યા છે, પોતાની મહેનત, ધગશ તથા સર્વ જન હિતાયના વિચારબીજ થકી પ્રાકૃતિક ખેતી કરતા કિસાન વિવિધ પ્રકારની ખેતી કરીને ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદન સાથે રાસાયણિક ખેતી કરતા વધુ નફો રળી રહ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પૈકી અબડાસા તાલુકાના કનકપરના દિનેશભાઇ રવજી ડાયાણી નો સમાવેશ થાય છે. તેઓ મહેનતના પરીણામે પ્રાકૃતિક પધ્ધતિથીસરગવાનીખેતીકરવામાં સફળ થયા છે અને ખૂબ જ સારા પરીણામ મેળવીને સરહદી તાલુકા અબડાસાના ખેડૂતો માટે શ્રેષ્ઠ માર્ગ ચીંધ્યો છે. દિનેશભાઇ ૯ એકરમાં પ્રાકૃતિક ખેતી કરે છે, તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી, અમદાવાદ ખાતે સુભાષ પાલેકરની શિબિરમાં ભાગ લીધો હતો તેમજ સોશિયલ મીડિયા અને યૂ-ટ્યૂબ માધ્યમથી પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન મેળવ્યું અને પ્રાકૃતિક કૃષિની શરૂઆત કરી હતી.

પ્રાકૃતિક ખેતીમાં જીવા મૃત, બીજામૃત, નિમાસ્ત્ર વિગેરે બનાવીને તેનો ઉપયોગ ખેતીમાં કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં હું સરગવો, ખારેક, એપલ બોર, મગફળી જેવા પાકો લઉં છું, અગાઉ એક એકરમાં રાણાયણિક ખેતીમાં સરગવાની ખેતીમાં ખર્ચ ૪૪ હજાર હતો, સામે ચોખ્ખી આવક રૂ. ૨,૮૦,૦૦૦ હતી જયારે પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ માત્ર ૨૪,૦૦૦ થઇ રહ્યો છે જયારે રૂ.૩,૧૦,૦૦૦ ની ચોખ્ખી આવક થઇ રહી છે.

પ્રાકૃતિક કૃષિમાં ગુણવત્તા યુક્ત પ્રાકૃતિક પેદાશના સારા ભાવ મળે છે,જમીન ફળદ્રુપ અને બંધારણ સુધરે છે, સાથે આર્થિક રીતે સધ્ધર થવાય છે. જીવામૃત નો ઉપયોગ કરવાથી જમીનમાં સૂક્ષ્મજીવો અને પોષકતત્વોનું પ્રમાણ વધ્યું છે. જમીનની ફળદ્રુપતામાં વધારો થવાથી ઉત્પાદનમાં વધારો થયો છે.

એક એકરમાં સરગવાની પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ માત્ર ૨૪,૦૦૦ થાય છે, તેની સામે ચોખ્ખી આવક રૂ.૩,૧૦,૦૦૦ થઇ રહી છે

ખેતરમાં રહેલા સૂકા પાંદડાં, ડાળીઓ વગેરેનું આચ્છાદાન કરવાથી જમીનની ભેજધારણ શક્તિમાં વધારો થયો છે, વધુમાં નીંદણનું નિયંત્રણ થઈ જાય છે.

જમીન અળસિયાના લીધે વધુ સક્ષમ બની છે તેના કારણે વરસાદનું પાણી જમા થતું નથી જમીનમાં ઉતારી જાય છે. તેઓ ઉમેરે છે કે, રાસાયણિક ખેતીમાં દવાઓ અને ખાતરનો ખર્ચો વધી જાય છે તેમજ નિદણ પણ વધારે ઊગી નીકળે છે જેથી વધારે મજૂરી ખર્ચ સાથે જમીનનું બંધારણ, પાણીની ગુણવત્તા બગડે છે તથા પાકની ગુણવતા નબળી બને છે.

જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે તથા રાસાયણિક ખેતીમાં પાકને બધુ પિયતની જરૂર પડે છે જયારે પ્રાકૃતિક ખેતી થકી આ સમસ્યાથી છુટકારો મળે છે. પ્રાકૃતિક ખેતીના કારણે મારી જમીનમાં ક્ષારનું પ્રમાણ ઘટયું છે અને ફળદ્રુપ તામાં વધારો થયો છે.

ચંદિયાના ખેડૂતે પ્રાકૃતિક પધ્ધતિથી લીંબુની ખેતી સાથે વિવિધ પ્રાકૃતિક ઉત્પાદનો બજારમાં મુક્યા

લીંબુ તથા બિજોરાના અથાણા, છાશનો મસાલો તથા સરગવાના પાઉડર જેવા પ્રાકૃતિક પ્રોડક્ટનું જાતે જ માર્કેટીંગ કરી અન્ય ખેડૂતો માટે બન્યા પ્રેરણારૂપ બન્યા

ભુજ તા.૧૦
કચ્છમાં પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો ગુણવત્તાયુકત પાક સાથે તેમાંથી અવનવી ઉપયોગી પ્રોડક્ટ જાતે જ બનાવી બજારમાં પણ પ્રાકૃતિક પ્રોડકટ સાથે પોતાનું અલગ સ્થાન બનાવી રહ્યા છે. અંજાર તાલુકાના ચંદિયાના એમ.બી.એ ખેડૂત દિપક ભગવાન સોરઠીયા આવા જ સાહસી ખેડૂત છે, જે પ્રાકૃતિક ખેતી સાથે તેના ઉત્પાદનમાંથી મૂલ્યવર્ધન કરી વિવિધ ઉત્પાદન બનાવી રહ્યા છે.

આ અંગે દિપકભાઇ જણાવે છે કે, હું વર્ષ ૨૦૧૭ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું, મારે બે દેશી ગાયો છે, આત્મા યોજના દ્વારા મળેલા ડ્રમની મદદથી હું જીવામૃત, નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને ઘનજીવામૃત બનાવુ છું અને આચ્છાદન અને મિક્સ પાકો પણ કરું છુ. આત્મા યોજના સાથે જોડાયેલ છું તથા પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધી છે, ખેતીવાડી તથા આત્માના અધિકારીઓની મદદથી મેં પ્રાકૃતિક કૃષિ અપનાવી છે, આત્મા યોજના દ્વારા તાલુકામાં યોજાતી તાલીમમાં હાજર રહીને સતત માર્ગદર્શન મેળવતો રહું છું . હાલ ૭ એકરમાં પ્રાકૃતિક રીતે લીંબુની ખેતી કરી રહ્યો છું આ સાથે કેરી અને સરગવો પણ ઉગાડ્યો છે,મારી તમામ પ્રાકૃતિક ઉત્પાદનોનું હું મૂલ્યવર્ધન કરીને તેમાંથી વિવિધ ઉત્પાદન બનાવું છે. જેમ કે, લીંબુનું અથાણું, બિજોરાનું અથાણું, છાશ મસાલો, સરગવાના પાનનો પાઉડર બનાવીને વેચાણ પણ કરૂં છું, આમ, મને રાસાયણિક ખેતીના ઉત્પાદન કરતા સારા ભાવ મળી રહે છે. પ્રાકૃતિક ખેતીના ઉત્પાદન માટે લોકો જાગૃત થયા

હોવાથી તમામ પાક સારા ભાવમાં વેચાઇ જાય છે. રાસાયણિક ખેતીમાં દવાઓ અને ખાતરનો ખર્ચો વધી જતો હતો. જમીનનું બંધારણ પણ બગડયું હતું, પરંતુ પ્રાકૃતિક ખેતીના કારણે જમીનની ગુણવત્તા વધી છે તથા પ્રાકૃતિક ખેતીમાં લાંબા સમય બાદ રોગ, જીવાત આવતા નથી. કચ્છમાં વધુમાં વધુ ખેડૂતો સ્વહિત તથા જનકલ્યાણના ઉદેશથી પ્રાકૃતિક ખેતી તરફ વળે તે જરૂરી હોવાનું ગણાવી તેમણે કચ્છના ખેડૂતોને અપીલ કરતાં આગ્રહ કર્યો હતો.

જાણો કચ્છના આ પ્રેરણાદાયી કિસ્સા

પ્રમાણીકતા હજુ જીવે છે

ભુજ હોમગાર્ડ કમાન્ડન્ટ કચેરી દ્વારા ભુલાઇ ગયેલી કિંમતી પૌરાણીક વસ્તુઓ તંત્રને સુપ્રત કરી જેની નોંધ ઉચ્ચ અધિકારીઓએ લીધી તો માંડવીમાં સામાજિક અગ્રણીએ ખાતામાં આવી ગયેલા પૈસા પરત કર્યા તો અન્ય બે કિસ્સામાં હોમગાર્ડ જવાનોએ પ્રમાણીકતાનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ

ભુજ તા.૧૦
આજે ઠગાઇ,છેતરપીડીના બનાવો વધ્યા છે. તેવામા પ્રમાણીકતાના કિસ્સા અન્ય માટે પ્રેરણારૂપ બને છે. ત્યારે આવાજ પ્રેરણાદાયી કિસ્સાની નોંધ ઉચ્ચ કક્ષાએ લેવાઇ છે. તાજેતરમાંજ ભુજ સ્થિત હોમગાર્ડ કમાન્ડન્ટની કચેરીમાંથી એક કિંમતી પૌરાણીક વસ્તુઓ ભરેલો પટારો મળી આવ્યો હતો જે અહી લાંબા સમયથી પડ્યો હતો પરંતુ કોઇના ધ્યાનમાં આવ્યો ન હતો જો કે ફરજ દરમ્યાન અહી કચેરી શરૂ થયા બાદ હોમગાર્ડ કમાન્ડન્ટે પટારાનુ તાળુ ખુલ્લુ હોવાનુ ધ્યાને આવ્યા બાદ તેની તપાસ કરી હતી. જેમા રાજાશાહી સમયની ચાંદીની વસ્તુઓ મળી આવી હતી જે તંત્રને હોમગાર્ડ દ્વારા સુપ્રત કરવામાં આવી હતી ત્યારે આ પ્રમાણીકતાની નોંધ હોમગાર્ડની વડી કચેરી અમદાવાદ દ્વારા પણ લેવાઇ છે.

હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષ બારોટ દ્વારા દાખવાયેલી પ્રમાણીકતાની નોંધ સિવિલ ડિફેન્સના ડાયરેક્ટર તથા હોમગાર્ડના

કમાન્ડન્ટ જનરલ મનોજ અગ્રવાલ એ લઇ મનીષ.એન.બારોટને પ્રસંશાપત્ર એનાયત કર્યુ છે.

પત્રમાં આ ઘટનામાં સમગ્ર વિભાગ તરફથી અધિકારીએ ગર્વ અનુભવવાની લાગણી સાથે કચ્છના હોમગાર્ડ અધિકારીને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના કાર્યને બીરદાવી અસાધારણ યોગદાન બદલ સમગ્ર હોમગાર્ડ પરિવારનુ નામ રોશન કરી કરેલા પ્રેરણાદાયી કાર્ય બદલ શુભેચ્છા આપી હતી પ્રસંશાપત્ર બાદ પોતાનો ભાવ પ્રગટ કરતા કમાન્ડન્ટ મનિષ બારોટે સમગ્ર હોમગાર્ડ સ્ટાફ તથા ભુજ યુનીટને સહયારા સહયોગને યાદ કરી તેમની નિષ્ઠાને પણ બીરદાવી હતી.

હામગાર્ડ કર્મીઓની પ્રમાણીકતા

આવાજ અન્ય બે કિસ્સામાં ભુજ રેલવે સ્ટેશન પર પોતાની ફરજ પર રહેલા હોમગાર્ડ સભ્યો મહેન્દ્ર ભાનુશાલી અને સુનિલ ગરવાને ટિકિટ કાઉન્ટરની બાજુમાં બિન વારસુ નાનો બેગ મળ્યો હતો જેની અંદર તપાસ કરતા રોકડ રકમ તથા ઓરીજનલ ડોક્યુમેન્ટ પાનકાર્ડ આધારકાર્ડ એટીએમ કાર્ડ બેંકની પાસબુક મળી આવી હતી જે રેલવે સ્ટેશન પોલીસ ચોકીમાં જમા કરાવી હતી બાદમાં મુળ માલિક યોગેશ મહેતાનો કોન્ટેક્ટ કરી તેમને જાણ કરી બેગ પરત કરી હતી તો અન્ય કિસ્સામાં.નાઈટમાં ફરજ માં રહેલા હોમ ગાર્ડ સભ્ય માવજી ચુયા નદીનાકા વિસ્તારમાં હતા ત્યારે તેમને એક પર્સ મળ્યુ હતુ જેમાં રોકડ રકમ તેમજ આધાર કાર્ડ અને એટીએમ કાર્ડ જેવા કિંમતી ડોક્યુમેન્ટ હતાં.જે મૂળ માલિક અબ્દુલ કાદિર ખલીફાના ઘરે જઈને પરત કરી પ્રમાણીકતા દાખવી હતી.

માંડવીમાં સામાજીક આગેવાને પૈસા પરત કર્યા

આજે નજીવા પૈસા માટે કેવીકેવી ઘટનાઓ બને છે તે આપણે સંભળીએ છીએ ત્યારે માંડવીમાં પ્રમાણિકતા નો ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડતો એક કિસ્સો સામે આવ્યો છે. માંડવી માં(શ્રી શકિત મસાલા) ફ્લોર મીલ વ્યવસાય સાથે સંકળાયેલા સામાજિક અગ્રણી એવા અજય આસોડિયાએ પ્રમાણીકતા દાખવી છે. માંડવી ની ખાનગી બેંક મારફતે અગ્રણીના ખાતા માં ભૂલ થી અન્ય મેડિકલ વ્યસાય કરતાં વેપારીના ૭૪,૮૦૦ રૂપિયા આવી ગયા હતા.બેંક મેનેજર દ્વારા અજયનો સંપર્ક કરાતા તેઓ એ ત્વરિત તે રૂપિયા પરત આપી પ્રમાણિકતા દાખવી હતી બેંક મેનેજર સહિત વેપારીએ અજય આસોડીયોનો આભાર વ્યક્ત કર્યો હતો ૭૪,૮૦૦ રૂપિયા સૌર્યા મેડિસન નો ચેક અજય કિર્તી આસોડીયા ના બેંક એકાઉન્ટ નંબર ૨૦૩૧૧૦૦૦૦૦૪૦૪૧ માં જમા થઈ ગયા હતા જે પરત કરાયા હતા.

માંડવીના શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના આંગણે ૨૭ વર્ષ બાદ દીક્ષાનો પ્રસંગ ઉજવાશે

પુનાનો ૧૩ વર્ષનો આગમકુમાર માંડવીમાં તા.૧૫/૦૭ ના સંયમ માર્ગે પ્રયાણ કરી, દીક્ષા ગ્રહણ કરશે

માંડવી તા.૧૦
અહીંના શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના આંગણે ૨૭ વર્ષ બાદ શાશ્વત સુખનો સૂર્યોદય ઊગશે. જ્ઞાન જ્યોતિર્ધર, પુણ્યમૂર્તિ, સૌમ્ય

સ્વાભાવી આચાર્ય ભગવંત શ્રીમદ વિજય યશોવિજય સુરીશ્વરજી મહારાજ અને સાધ્વીજી ભગવંત કલાવતીશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પુના (મહારાષ્ટ્ર) ના ભાવિક ભરતભાઈ શાહ અને કરિશ્માબેનના ૧૩ વર્ષનો પુત્ર તા.૧૫/૦૭ ના માંડવી મધ્યે સંસારનો ત્યાગ કરી, દીક્ષા ગ્રહણ કરશે. શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે જૈનપુરી માં તા.૧૩,શનિવારથી તા.૧૫ સોમવાર સુધી ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાશે.

મહોત્સવના પ્રથમ દિવસે તા.૧૩ ના શક્રસ્તવ અભિષેક, ઉપકરણ રંગવાનું, ચતુર્વીધસંઘની સાંજી, દીક્ષાર્થી મુમુક્ષુ આગમકુમારનું વિવિધ સંઘો દ્વારા સન્માન અને બહેનો દ્વારા ભાવના તથા સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજાશે, બીજા દિવસે રવિવારના વર્ષીદાનનો ભવ્યાતીભવ્ય વરઘોડો, બેઠું વર્ષીદાન અને વિદાય સમારોહ યોજાશે. મહોત્સવના અંતિમ દિવસે તા.૧૫ના દીક્ષા મહોત્સવ ભક્તિ ભાવપૂર્વક ઉત્સાહભેર ઉજવાશે.

મહોત્સવનું અને સાધર્મિક ભક્તિનું સ્થળ જૈનપુરી રાખવામાં આવેલ છે, માંડવીના આંગણે ૨૭ વર્ષના લાંબા સમય બાદ દીક્ષાનો પ્રસંગ આવતા સંઘમાં ખુશીની લહેર ફેલાઈ છે. કાર્યક્રમ સુપેરે પાર પાડવા, તપગચ્છ જૈન સંઘના તમામ ટ્રસ્ટીઓ જહેમત ઉઠાવી રહ્યા હોવાનું માંડવી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ચંદ્રેશ શાહ, મીડિયા કન્વીનર દિનેશ શાહે જણાવ્યું હતું.

યજ્ઞમાં દરરોજ ૧૦૦ કિલો ગાયના શુધ્ધ દેશી ઘી અને આયુર્વેદિક ઔષધિ સાથે એક લાખથી વધુ આહુતિ આપવામાં આવી

વેરસલપરમાં શુધ્ધિ વર્ષા મહાયજ્ઞ સંપન્ન : આવા દૈનિક યજ્ઞ ચિકિત્સાલય બની જાય છે

આણંદપર(યક્ષ)તા.૧૦
નખત્રાણા તાલુકાના વેરસલપર મધ્યે જીવકલ્યાણ સમિતી દ્વારા પર્યાવરણ શુધ્ધિ વર્ષા, છ દિવસીય મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાયજ્ઞની વિશેષતા એ હતી કે છ ફૂટ ઉંડા અને છ ફૂટ પહોળા હવન કુંડમાં દરરોજ ૧૦૦ કિલો દેશી ગૌ માતાનું શુધ્ધ ઘી, અને સેંકડો કિલો આર્યુવેદીક ઔષધિઓ દ્વારા એક લાખ જેટલી આહુતી આપવામાં આવી હતી,જેમાં ૬ દિવસમાં ૬૦૦ કીલો શુધ્ધ ગાયના ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વેરસલપર ગામ આ એક ઐતિહાસિક અને અદભુત વૈદિક વૈજ્ઞાનિક પ્રયોગનું પ્રત્યક્ષ સાક્ષી બન્યું હતું, પર્યાવરણ અને આત્માની શુધ્ધિ, મેઘવર્ષા વગેરે માટે આવા સાત્વિક યજ્ઞ કારણભૂત બને છે.

આ મહાયજ્ઞના બ્રહ્મા ડો.કમલ નારાયણજી (વેદા ચાર્ય રાયપુર),વિશેષ અતિથિ શ્રધ્ધેય સ્વામી યજ્ઞદેવજી મહારાજ (પતંજલી યોગ પીઠ-હરિદ્વાર) તેમજ રોજડ ગુરુકુળની બ્રહ્મચારીણી બહેનો દ્વારા મંત્રોચ્ચાર કરીને આહુતીઓ આપવામાં આવી હતી. મહાયજ્ઞમાં વિદ્વાનો સ્વામી શાંતાનંદજી (રોહતક હરિયાણા), આચાર્ય શીતલજી તથા બ્રહ્મચારી બહેનો આર્ષ કન્યા ગુરૂકુળ (રોજડ, ગુજરાત)એ હાજરી આપી હતી. યજ્ઞ સંદર્ભે યજ્ઞદેવજી મહારાજે કહ્યું હતું કે, યજ્ઞમાં વપરાતી તમામ સામગ્રી પર્યાવરણ અને દેહશુદ્ધિની ઉત્તમ ઔષધિ છે, યજ્ઞમાંથી નીકળતી ઉર્જા પર્યાવરણમાં રહેલા કીટાણુ, વિષાણુઓનો નાશ કરે છે, દૈનિક યજ્ઞ એક ચિકિત્સાલય બની જાય છે.

આ પર્યાવરણ શુધ્ધી-વર્ષા મહાયજ્ઞમાં વેરસલપરના તેમજ બહારથી પધારેલા સૌ મહેમાનો ૬ દિવસ સુધી ઓર્ગોનિક જમવાનું જમ્યા હતા, આ રસોઈમાં ખાંડ તેમજ કેમિકલ વાળી ખાધાકીય વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. છાસ અને ચાય માટે ગાયનું દૂધ અને ગોળ નાખીને ચાય બનાવવામા

FILMY ગપશપ

રિતેશે તાજેતરમાં જ 'પિલ'થી ઓટીટી ડેબ્યુ કર્યુ છે

'૩૫ કરોડ માગતા કલાકારની ફિલ્મ ૩ કરોડ પણ કમાઈ શકતી નથી'

સ્ટાર્સની તોતિંગ ફીના કારણે ફિલ્મ પર વધી રહેલા ભારણ અંગે કરણ અને રીતેશે ચિંતા વ્યક્ત કરી

મુંબઈ, તા.૧૦
ફિલ્મના કલાકારો દ્વારા વસૂલાતી ફી અને બોક્સ ઓફિસ પર સતત નિષ્ફળ જઈ રહેલી ફિલ્મો આજકાલ ચર્ચાનો એક ગંભીર મુદ્દો બની રહ્યા છે. આ વર્ષ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે નબળું રહ્યું છે. ૨૦૨૩માં રિલીઝ થયેલી 'જવાન'એ ૧૧૬૦ કરોડની કમાણી કરી હતી. જ્યારે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ 'ફાઇટર'એ માંડ ૩૫૮ કરોડના કમાણી કરી છે. આ અંગે કરણ જોહરે કહ્યું છે કે હવે આપણે થિએટરમાં સફળતાના માપદંડો બદલવાનો સમય પાકી ગયો છે. એક યુટ્યુબ ઈન્ટરવ્યૂમાં કરણે કહ્યું,"પહેલું તો, દર્શકોની પસંદ હવે ફિલ્મો બાબતે બહુ ચોક્કસ થઈ ગઈ છે. તેમને એક ચોક્કસ પ્રકારનું સિનેમા જોવું ગમે છે. જો તમારે અમુક નક્કી રકમ કમાવાની ગણતરી હોય તો તમારી ફિલ્મ એ, બી અને સી બધા જ પ્રકારના વિસ્તારો માં સારી ચાલવી જોઈએ. માત્ર મલ્ટિપ્લેક્સ પૂરતાં નથી." "હવે ફિલ્મ બનાવવાનો ખર્ચ પણ વધી ગયો છે. સામે ફુગાવો પણ એટલો જ છે. હિન્દી સિનેમામાં માંડ ૧૦ એક્ટર એવા છે જે ચાલે છે, પણ તે લોકોને સૂર્ય, ચંદ્ર, તારાઓ અને પૃથ્વી બધું જ જોઈએ છે. તેથી તમે તેમને મોં માગી ફી આપો, પછી તમે ફિલ્મનો ખર્ચ પણ આપો. પછી ફિલ્મ બનાવવાના ખર્ચ આવે. અંતે તમારી ફિલ્મ નિષ્ફળ જાય. જે સ્ટાર ૩૫ કરોડ માગે છે, તેની ફિલ્મ ૩.૫ કરોડ પણ નથી કમાતી. આ ગણિત કઈ રીતે ચાલે? છતાં તમારે ફિલ્મો બનાવતા રહેવી પડે અને કન્ટેન્ટ બનાવતા રહેવું પડે કારણ કે તમારે પણ તમારી કંપની ચલાવવાની છે. આમ એક સાથે અનેક વસ્તુઓ દાવ પર લાગેલી હોય છે." આગળ કરણે કહ્યું હતું, "હિન્દી સિનેમામાં દર દસ વર્ષે એક ચોક્કસ પ્રકારની ફિલ્મોનો તબક્કો આવે છે.
જો 'પઠાણ' અને 'જવાન' ચાલી જાય તો શું તમારે માત્ર એક્શન ફિલ્મો જ બનાવવી? પછી દર્શકો આ ફિલ્મમાંથી ભાગી જશે. પછી અચાનક એક લવ સ્ટોરી ચાલી જશે. મને લાગે છે કે આપણે ધડમાથા વિના યુદ્ધ લડવા નીકળ્યા હોય એવી સ્થિતિ છે. આપણે હજુ એ સમજી શક્યા નથી કે હવે દર્શકોને ભારતના મૂળ સાથે જોડાયેલી છતાં મજા આવે એવી ફિલ્મ જોઈએ છે, એમાં વિવેચકો શું કહેશે એ વિચારવનાની જરૂર નથી." આ મુદ્દે રિતેશ દેશમુખે પણ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં મહત્વની વાત કરી છે, તેણે કહ્યું કે ફિલ્મ સ્ટારની ફી ફિલ્મ ટકશે કે નહીં તે નક્કી કરશે, તે જ્યારે પોતે ફિલ્મ બનાવે છે, ત્યારે પોતાની એક્ટિંગ માટે એક પણ પૈસો લેતો નથી. રિતેશે તાજેતરમાં જ 'પિલ'થી ઓટીટી ડેબ્યુ કર્યુ છે. તેણે કહ્યું,"હું પ્રોડ્યુસર પણ હોઉં છું અને મારી ફિલ્મમાં હું એક્ટિંગ પણ કરું તો હું એક પણ પૈસો લેતો નથી,
તેમાં મને કોઈ વાંધો પણ નથી અને કોઈ ફરક પણ પડતો નથી. મને એવું થાય છે કે ફિલ્મે પણ ટકવાનું હોય છે, તો તેના પર સ્ટારની ફીનો બોજો ન લાદી દેવો એ અગત્યનું છે. કારણ કે જો ફિલ્મ ચાલી જશે તો બધાં જ ટકી જશે."

મેઘા શુક્લાએ તાજેતરમાં આ લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ લોકપ્રિય થઈ ગઈ હતી.અભિનેત્રી મેઘા શુક્લા અવારનવાર પોતાની બોલ્ડ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે અભિનેત્રી મેઘા શુક્લાએ સાડીમાં પોતાના ફેન્સને પોતાની બોલ્ડ સ્ટાઈલ બતાવી છે.



અનન્યા પાંડે તેની આકર્ષક સ્ટાઈલ માટે જાણીતી છે. અનન્યા પાંડેએ સોશિયલ મીડિયા પર તેની લેટેસ્ટ તસવીરો શેર કરી હતી, જેમાં અનન્યા સુંદર લાગી રહી છે.અનન્યા પાંડેની આ તસવીરોમાં તમે જોઈ શકો છો કે તે ટ્રેડિશનલ લુકમાં ખૂબ જ સુંદર અને આકર્ષક લાગી રહી છે.

અન્વેશી જૈન જે એકતા કપૂરની ગંદીબાત વેબ સિરીઝમાં બોલ્ડ અને હોટ પોઝ આપી ચર્ચામાં આવી હતી. અન્વેશી જૈન સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. વેબ સિરીઝ 'ગંદી બાત'માં બોલ્ડ સીન્સને કારણે રાતોરાત લાઈમલાઈટમાં આવી ગઈ હતી.

તારા સુતારિયા હંમેશા સોશિયલ મીડિયા પર પોતાની ગ્લેમરસ તસવીરોથી ધૂમ મચાવે છે. તાજેતરમાં, તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક બ્લેક એન્ડ વ્હાઈટ તસવીરો શેર કરી છે.તેણે હળવો મેક-અપ કર્યો છે અને તેના વાળ ખુલ્લા રાખ્યા છે.

રણવીર, સંજય દત્ત, અર્જુન રામપાલ અને માધવન સાથે કામ કરશે

આદિત્ય ધર બનાવશે મિશન આધારિત ફિલ્મ, 'ધુરંધર' ફિલ્મમાં રણવીર સિંહ સ્પાય બનશે

મુંબઈ, તા.૧૦
તેની બોલિવૂડના પ્રોડ્યુસર્સ જેને ટેકો ન આપી શક્યા તેવી અતિ મહત્વાકાંક્ષી ગણી શકાય તેવી ફિલ્મ 'ઇમમોર્ટલ અશ્વત્થામા'ન બની શકી તો શું? 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' જેવી ડિરેક્ટર તરીકે પહેલી જ અને બોલિવૂડની સૌથી મોટી બ્લોક બસ્ટર ફિલ્મ આપવા છતાં પાંચ વર્ષ સુધી બીજી ફિલ્મ ન આપી શક્યા તો પણ શું? આદિત્ય ધર નવી ફિલ્મ શરૂ કરવા માટે ઈન્ડસ્ટ્રી ની અનિશ્ચિતતાઓથી ડગતા નથી અને અશ્વત્થામા જેવા જ નવા મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ સાથે પાછા ફરે છે. એવા અહેવાલો જાણવા મળી રહ્યા છે કે આદિત્ય ધરે પોતાની આગામી ફિલ્મ 'ધુરંધર' માટે રણવીર સિંહ, સંજય દત્ત, આર માધવન અને અર્જુન રામ પાલ જેવી મોટી સ્ટાર કાસ્ટને તૈયાર કરી લીધી છે. આ ફિલ્મ સંદર્ભે હજુ કદાચ કોઈ કરાર થયા નથી પરંતુ તેઓ આ ફિલ્મ માટે સહમત થઈ ગયા હોવાનું જાણવા મળે છે, હવે તેઓ આ ફિલ્મ માટે આગળનું આયોજન કઈ રીતે કરવું તેના પર કામ કરી રહ્યા છે. આ એક મિશન આધારિત ફાસ્ટ થ્રિલર ફિલ્મ છે, જેમાં રણવીર સિંહ લીડ રોલમાં હશે, તેના સાથે આર માધવન, સંજય દત્ત અને અર્જુન રામપાલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. આદિત્ય આ કલાકારોને પહેલી વખત એક ફિલ્મમાં એક સાથે લાવશે. તે માત્ર એક સારી અને મજબૂત સ્ક્રિપ્ટના કારણે બધાને એક સાથે એક ફિલ્મમાં લેવામાં સફળ રહ્યા છે. આ નિખિલ અડવાણીની 'ડી-ડે' પ્રકારની એક ફિલ્મ હશે, જેમાં રણવીર સિંહ એક ઈન્ટેલિજન્સ ઓફિસરના રોલમાં જોવા મળશે, જ્યારે અન્ય પાત્રો અંગેની માહિતિ હજુ ખાનગી રાખવામાં આવી રહી છે. આદિત્ય અને તેનો ભાઈ લોકેશ ધર 'બીદ૨' સ્ટુડિયો બેનર હેઠળ એક મોટા સ્ટુડિયો સાથે મળીને આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે. આ એક ભવ્ય અને બીગ બજેટ ફિલ્મ હશે.
જેનું ભારતમાં અને વિદેશોમાં મોટા પાયે શૂટિંગ કરવામાં આવશે. ડિરેક્ટર દ્વારા તેનું પ્રી પ્રોડક્શનનું કામ શરૂ થઈ ચૂક્યું છે અને આ વર્ષના અંત સુધીમાં ફિલ્મનું શૂટ શરૂ થઈ જશે.

આ ફિલ્મમાં રત્ના પાઠક શાહ, દિયા મિર્ઝા, ફાતિમા સના શેખ અને સંજના સાંઘી મુખ્ય રોલમાં હતા

'ધક ધક'માં નફો બુક કરી પ્રોડ્યુસર્સે ફિલ્મને તરછોડી

મુંબઈ, તા.૧૦
તાપસી પન્નુએ ૨૦૨૨માં પ્રોડ્યુસર તરીકે શરૂઆત કરી પછી તેણે તરુણ દુદેજાની ફિલ્મ 'ધક ધક'ને પણ સપોર્ટ કર્યો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેણે ખુલાસો કર્યો છે કે ફિલ્મ રિલીઝ કરવી અઘરી હતી, કારણ કે પોતાનો ભાગ મળી ગયા પછી ફિલ્મના પ્રોડ્યુસર્સ ગાયબ થઈ ગયા હતા. તાપસીએ અજય બહલની હોરર થ્રિલર 'બ્લર' સાથે પ્રોડક્શન ક્ષેત્રે ડેબ્યુ કર્યુ હતું. જ્યારે તેની 'ધક ધક' ઓક્ટોબર ૨૦૨૩માં રિલીઝ થઈ હતી. પરંતુ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી ન હોતી. તાપસીએ કહ્યું,"જો બહુ મોટા બજેટની ફિલ્મ ન હોય તો ફિલ્મ થિએટરમાં રિલીઝ થાય તે પહેલાં જ પ્રોડ્યુસર્સના પૈસા રીકવર થઈ જાય છે. તેમને પૈસા મળી જાય એટલે એ લોકો માત્ર ટોકન રિલીઝ જ કરે છે. તેમને પ્રિન્ટ્સ અને જાહેરાત માટેના પૈસા પણ ખર્ચવા હોતા નથી. જ્યારે એક્ઝિબિટર્સને લાગે છે કે આમ જનતાને ગમે એવી ફિલ્મ નથી, તો ઈલેક્ટ્રિસીટી અને પોપકોર્નના પૈસા પણ શું કામ બગાડવાના? તેથી તમને કોઈ ઠેકાણા વગરના શો અને થિએટર મળે છે. પછી અચાનક જ તમારી ફિલ્મ અઠવાડિયામાં અધવચ્ચે ઉતારી લેવાય છે. એ સમયે હું બહુ જ અકળાઈ ગઈ હતી. ફિલ્મનું ટ્રેલર આવ્યું એના ૪-૫ દિવસમાં જ અમે ફિલ્મ બતાવવાનું શરૂ કરી દીધું હતું. તેથી લોકો અમારી પાસે આવ્યા અને કહ્યું કે તે લોકો અમને ફિલ્મ પ્રમોટ કરવામાં મદદ કરશે. તેમ છતાં મારા પ્રોડ્યુસર્સ મારી સાથે નહોતા, જેમણે એવું કહી દીધેલું કે, અમારાથી થતું હતું એટલું અમે કર્યું હવે અમે દર્શકો પર છોડી દીધું છે. તેમને એવું હતું કે, અમારે શું? તેમને પોતાના પૈસા મળી ગયા છે હવે ઓડિયન્સ તો એ જાતે શોધી લેશે."
તાપસીએ કહ્યું કે તે સમગ્ર ઘટના બહુ નિરાશાજનક હતી પણ ફિલ્મની કાસ્ટ તેની સાથે અડીખમ રહી હતી. "ફિલ્મની ચાર મહિલાઓ, તેઓ ફિલ્મની પડખે ઊભાં રહ્યા. દિયાએ અમને મદદ કરી અને તેના ઘરમાં અમારા કલાકારોના ઈન્ટરવ્યૂ માટે જગ્યા આપી.

ઇન્ટિમેટ સીન માટે રકુલપ્રીત રેડી, પણ શરતો લાગુ...

રકુલપ્રીતની ફિલ્મ 'ઇન્ડિયન ૨' આવી રહી છે

મુંબઈ, તા.૧૦
સાઉથની ફિલ્મોથી લઈને બોલિવૂડમાં પોતાના અભિનયથી પોતાની ઓળખ બનાવનારી રકુલપ્રીત સિંહ હાલ પોતાની મેરિડ લાઈફ એન્જોય કરી રહી છે. એક તરફ તેના પતિ જેકી ભગનાનીનું પ્રોડક્શન હાઈસ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે, બીજી તરફ રકુલપ્રીતની ફિલ્મ 'ઇન્ડિયન ૨' આવી રહી છે, ત્યારે તેનો એક જૂનો ઇન્ટરવ્યૂ ફરી ચર્ચામાં આવ્યો છે.જેમાં તેણે ફિલ્મોમાં એડલ્ટ સીન આપવા વિશે વાત કરી હતી. રકુલપ્રીતે પોતાની કેરિઅરની શરૂઆત કન્નડ ફિલ્મ 'ગિલ્લી' સાથે કરી હતી. ત્યાર પછી તેણે ઘણી સાઉથની ફિલ્મોમાં કામ કર્યું. હવે તે ઘણી હિન્દી ફિલ્મો કરી ચુકી છે. 'ઇન્ડિયન ૨' લગ્ન પછીની તેની પહેલી ફિલ્મ હશે. ત્યારે તેના ફેન્સ પણ મોટા પડદે તેની ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે. રકુલપ્રીતે ૨૦૧૭માં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તેને એડલ્ટ સીન કરવામાં કોઈ વાંધો નથી. ત્યારે રકુલને પૂછવામાં આવ્યું હતું કે શું તેને ફિલ્મમાં કિસના સીન કરવામાં કોઈ વાંધો છે? તો તેણે કહ્યું હતું કે,"જો સ્ક્રિપ્ટમાં આવા સીનની જરૂર હોય તો હું એ સીન જરૂર કરીશ. તેના માટે હું તૈયાર છું." સાથે રકુલે એવી સ્પષ્ટતા પણ કરી હતી કે તે આવા સીન એક જ શરતે કરશે. તેણે કહ્યું કે, "આવા સીનથી ફિલ્મની પબ્લિસિટી ન થવી જોઈએ." રકુલે એમ પણ કહ્યું હતું કે એક્ટ્રેસના ગ્લેમરસ કપડાં એ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો એક જરૂરી ભાગ છે.
દરેક ફેન ઈચ્છે છે કે તેઓ તેમની મનપસંદ અભિનેત્રીને ગ્લેમરસ કપડાંમાં જુએ. રકુલની 'ઇન્ડિયન ૨' ૧૨ જુલાઈએ થિએટરમાં રિલીઝ થશે.

SPORTS કોર્નર

ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં પાકિસ્તાનના નિરાશાજનક પ્રદર્શન બાદ વહાબ રિયાઝ અને અબ્દુલ રઝાક પસંદગીકારો તરીકે બરતરફ

મુંબઈ,તા.૧૦
પાકિસ્તાન ક્રિકેટ હાલમાં ફરી પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ભારતીય ટીમની હાર અને સુપર ૮માં પણ પ્રવેશ ન કરી શકવાથી આ પ્રકારના ફેરફારની શક્યતા પહેલાથી જ લગાવવામાં આવી રહી હતી. જે હવે શરૂ પણ થઈ ગઈ છે. દરમિયાન પીસીબીએ એક મોટો નિર્ણય લીધો છે અને પાકિસ્તાન ક્રિકેટ ટીમના બે પસંદગીકારોને બહારનો રસ્તો બતાવ્યો છે.
જોકે,પીસીબીએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. એવું માનવામાં આવે છે કે આ અઠવાડિયાના અંત સુધીમાં પણ આવું થશે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આવનારા સમયમાં કેટલાક વધુ ફેરફારો પણ જોવા મળી શકે છે.
ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં પાકિસ્તાનના નિરાશાજનક પ્રદર્શન બાદ વહાબ રિયાઝ અને અબ્દુલ રઝાકને પાકિસ્તાન ક્રિકેટ ટીમના પસંદગીકારો તરીકે બરતરફ કરવામાં આવ્યા છે. અબ્દુલ રઝાક, જેમને થોડા અઠવાડિયા પહેલા જ પુરૂષ અને મહિલા બંને ટીમોની પસંદગી સમિતિમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા, તે હવે મહિલા ટીમના પસંદગીકાર તરીકે પણ કામ કરશે નહીં. ઇએસપીએન ક્રિકઇન્ફોના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે પસંદગી સમિતિની ફરીથી રચના કરવામાં આવે તેવી શક્યતા છે. અત્યાર સુધી પીસીબીએ સિલેકશન કમિટીમાં ચીફ સિલેક્ટરનું પદ નાબૂદ કર્યું હતું, જેને હવે ફરીથી બનાવવાની વાત થઈ રહી છે. એટલું જ નહીં, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે પસંદગી સમિતિમાં સભ્યોની સંખ્યા ઘટાડવા માટે વિચારણા કરવામાં આવી રહી છે.
વહાબ રિયાઝે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં પાકિસ્તાન ટીમ સાથે સિનિયર ટીમ મેનેજરની ભૂમિકા પણ ભજવી હતી. પીસીબી ચીફ એ બતાવવાની કોશિશ કરી રહ્યા છે કે જો ટીમ સારૂ પ્રદર્શન નહીં કરે તો કોઈપણ ખુરશી ખતરામાં હોઈ શકે છે, કોઈએ સલામતી અનુભવવી જોઈએ નહીં. છેલ્લા ચાર વર્ષમાં પીસીબીએ છ મુખ્ય પસંદગીકારો ને જોયા છે. આમાં વહાબ રિયાઝ, હારૂન રાશિદ, શાહિદ આફ્રિદી, ઇન્ઝમામ-ઉલ-હક, મોહમ્મદ વસીમ અને મિસ્બાહ-ઉલ-હકનો સમાવેશ થાય છે, જો કે આ પદ પર લાંબા સમય સુધી કોઈ રહી શક્યું ન હતું અને તેઓ સમયાંતરે જતા રહ્યા હતા.ટી ૨૦ વર્લ્ડ કપ માં બાબર આઝમની કેપ્ટન્સીમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમને અમેરિકા જેવી નબળી ગણાતી ટીમ સામે પણ હારનો સામનો કરવો પડ્યો હતો. આ પછી રોહિત શર્માની કપ્તાની હેઠળની ભારતીય ટીમે પણ તેને શાનદાર મેચમાં હરાવ્યો હતો. આ સાથે પાકિસ્તાનની સુપર ૮માં જવાની શક્યતાઓ પણ ખતમ થઈ ગઈ હતી.વનડે વર્લ્ડ કપ ૨૦૨૩માં પણ ટીમનું પ્રદર્શન ઘણું ખરાબ રહ્યું હતું. સંભવ છે કે આવનારા સમયમાં કેટલાક વધુ લોકો પર આરોપ મુકવામાં આવે. હાલમાં પીસીબી કેપ્ટન બાબર આઝમ અંગે પણ નિર્ણય લઈ શકે છે કે શું તે કેપ્ટન તરીકે પોતાની ઈનિંગ્સ ચાલુ રાખશે કે નવો કેપ્ટન મળશે. દરમિયાન, એ નિશ્ચિત છે કે આગામી સમયમાં પાકિસ્તાન ક્રિકેટમાંથી કેટલાક વધુ મોટા સમાચારો સામે આવી શકે છે.

જીતની ખુશીમાં રોહિત શર્માથી થઈ ગયું તિરંગાનું અપમાન, વિવાદ ઉભો થયો

મુંબઈ,તા.૧૦
ભારતના વનડે અને ટેસ્ટ કેપ્ટન રોહિત શર્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર નવો પ્રોફાઈલ ફોટો પોસ્ટ કર્યો છે. આ ફોટોમાં રોહિત ટી ૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલ મેચ જીત્યા બાદ મેદાનમાં ત્રિરંગો લગાવતો જોવા મળે છે. રોહિત શર્માના નેતૃત્વમાં ૧૭ વર્ષ બાદ ભારતે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ જીત્યો હતો. આ પ્રોફાઈલ ફોટોના કારણે હાલ વિવાદ ચાલી રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલ મેચમાં ભારતનો ૭ રને વિજય થયો હતો. તેમજ ભારત આખી સીરિઝમાં એક પણ મેચ હાર્યું ન હતું. આથી જીતની ખુશીમાં મેચ પછી રોહિત શર્માએ ત્રિરંગો મેદાનમાં લગાવી રહ્યો હતો. જેનો વીડિયો ઘણો વાયરલ થયો હતો. રોહિતે તે ક્ષણનો ફોટો પોતાનો પ્રોફાઈલ પિક્ચર બનાવ્યો છે. આ ફોટોમાં ત્રિરંગાનો અમુક ભાગ જમીનને સ્પર્શતો હોવાથી વિવાદ ચાલી રહ્યો છે. આવી સ્થિતિમાં, ભારતીય ધ્વજ સંહિતાના એક નિયમને ટાંકીને સોશિયલ મીડિયા પર કહેવામાં આવી રહ્યું છે કે ત્રિરંગો જમીનને સ્પર્શ થાય તેમ રાખવામાં આવે તો તે ત્રિરંગાનું અપ માન કહેવાય છે. ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા એટલે કે ધ્વજ સંહિતામાં ત્રિરંગાને લગતા અમુક નિયમો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવાની ખોટી રીત અંગે નિયમ ૩.૨૦ માં લખવામાં આવ્યું છે કે ધ્વજ જમીન કે પાણીમાં ઢસડાઈ તે રીતે ન રાખવો જોઈએ. કોઈ પણ રાષ્ટ્ર ધ્વજ જમીનને સ્પર્શ ન કરવો જોઈએ. તેમજ અમુક પરિસ્થિતિને બાદ કરતા ધ્વજ હંમેશા લહેરાવો જ જોઈએ. આ ઉપરાંત ભારતીય ધ્વજ ફાટી જાય તે રીતે પણ ન બાંધવો જોઈએ. વાહન પર ધ્વજ લગાવવા અને તેને શાળામાં ફરકાવવા અંગે ઘણા નિયમો છે. જો કે રોહિત શર્માએ આ વિવાદ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.

ભારતીય ટીમના બેટિંગ-બોલિંગ કોચમાં પણ બદલાવ થશે, ગંભીરે બેટિંગ કોચ માટે અભિષેક નાયરનો સંપર્ક કર્યો

મુંબઈ,તા.૧૦
ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ પહેલા જ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ટીમ ઈન્ડિયા માટે મુખ્ય કોચની શોધ શરૂ કરી દીધી હતી. કારણ કે આ ટૂર્નામેન્ટ બાદ રાહુલ દ્રવિડનો મુખ્ય કોચ તરીકેનો કાર્યકાળ પૂરો થવાનો હતો. હવે ટીમ ઈન્ડિયાને મુખ્ય કોચ મળ્યો છે, જેની જાહેરાત બીસીસીઆઈ દ્વારા કરવામાં આવી હતી. આ સાથે જ ત્રણેય સપોર્ટ સ્ટાફ એટલે કે બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગ કોચનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે. આવી સ્થિતિમાં bcci ટૂંક સમયમાં આ પદ માટે પણ શોધ શરૂ કરી શકે છે. મુખ્ય કોચ તરીકે રાહુલ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે અને હવે તેણે આ પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેના સ્થાને ગૌતમ ગંભીરની મુખ્ય કોચ તરીકે પસંદગી કરવામાં આવી છે. ગૌતમ ગંભીર હવે ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ હશે. બીસીસીઆઈએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા આ માહિતી આપી છે.
રાહુલ દ્રવિડની સાથે ત્રણેય સપોર્ટ સ્ટાફનો કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયો છે. અહેવાલ મુજબ, ટી દિલીપ ફિલ્ડિંગ કોચ તરીકે ચાલુ રહી શકે છે. આ જ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગૌતમ ગંભીરે અભિષેક નાયરને ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ અને વિનય કુમારને બોલિંગ કોચ બનાવવાની માંગ કરી છે. અભિષેક નાયર ભૂતપૂર્વ ભારતીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટર છે. તેણે ભારત માટે ત્રણ વનડે મેચ રમી છે.
આ સિવાય તેણે ૬૦ આઈપીએલ મેચ રમી છે. તેમને કોલકાતા નાઈટ રાઈડર્સના સહાયક કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને હવે તેમને ટ્રિનબેગો નાઈટ રાઈડર્સના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિનય કુમાર ભૂતપૂર્વ ભારતીય આંતરરાષ્ટ્રીય ખેલાડી પણ છે. તેણે ભારત માટે ૪૧ આંતરરાષ્ટ્રીય અને ૧૦૫ આઈપીએલ મેચ રમી છે.વિનય કુમાર યુએઈ ક્રિકેટ લીગની આઈપીએલ ૨૦માં એમઆઈ અમીરાતના બોલિંગ કોચ છે. આ સાથે, તે આઈપીએલ ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સના ટેલેન્ટ સ્કાઉટનો પણ એક ભાગ છે.

ઉત્તરાખંડના ચમોલીમાં પાતાળ ગંગા વિસ્તારમાં ભયાનક ભૂસ્ખલન થયું

ચમોલી, તા.૧૦

ઉત્તરાખંડના ચમોલીમાં પાતાળ ગંગા વિસ્તારમાં ભયાનક ભૂસ્ખલનની ઘટના બની છે. જેના કારણે જોશીમઠ-બદ્રીનાથ હાઈવે તાત્કાલિક ધોરણે બંધ કરી દેવામાં આવ્યો છે. જો કે, હજુ સુધી કોઈ કોઈ જાનહાનિ થયાના સમાચાર મળ્યા નથી.

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલની ઘટનાઓ વધી રહી છે. ચમોલી જિલ્લામાં પ્રવાસીઓની નજર સામે ભયાનક ભૂસ્ખલન થતાં લોકો ભયભીત બન્યા હતા. થોડી જ ક્ષણોમાં પહાડનો મોટો હિસ્સો તૂટી પડ્યો હતો. લોકોએ આ ઘટનાનો વીડિયો પણ રેકોર્ડ કર્યો હતો. ભૂસ્ખલન થયા બાદ પર્વતનો કાટમાળ રસ્તા પર પડ્યો હતો.



આ પહેલા ૯ જુલાઈના રોજ જોશીમઠમાં બદ્રીનાથ નેશનલ હાઈવે પર ભયાનક ભૂસ્ખલનની ઘટના બની હતી. ભૂસ્ખલનથી મોટા ભાગનો કાટમાળ ખીણમાં પડ્યો હતો. બાદમાં બદ્રીનાથ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે દર વર્ષે ચોમાસાની ઋતુમાં રાજયના અનેક વિસ્તારોમાં ભૂસ્ખલનની ઘટનાઓ બને છે. ઉત્તરાખંડમાં વરસાદ આફત બન્યો છે. અહીં ઘણા વિસ્તારોમાં ભૂસ્ખલન થવાને કારણે સમસ્યા સર્જાઈ રહી છે. હાઈવે પર ટ્રાફિક જામના કારણે વાહનવ્યવહાર ખોરવાય છે. આ સ્થિતિમાં ચારધામ યાત્રાએ જનારા સહિત સ્થાનિક લોકોની અવરજવરમાં મુશ્કેલી ઉભી થઈ રહી છે.

દિલ્હીમાં વીજળી મોંઘી, મેથી વધારાના પૈસા ચૂકવવા પડશે

નવીદિલ્હી,તા.૧૦

હવે દિલ્હીમાં વીજળી ગ્રાહકોને ઝટકો લાગવાનો છે. વીજળી વિતરણ કંપનીઓ પાવર પરચેઝ એડજસ્ટ-મેન્ટ ચાર્જ ૮% વધારવા જઈ રહી છે, જેના કારણે વીજળીના ભાવમાં વધારો થશે. આ વધેલી કિંમતો ૧ મેથી ઉપયોગમાં લેવાતી વીજળી પર લાગુ કરવામાં આવશે. જુલાઈમાં આવનારા બિલમાં પીપીએસીનો સમાવેશ કરવામાં આવશે. પીપીએસીમાં ૮ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આના કારણે બીવાયપીએલ વિસ્તારો માં ૬.૧૫% અને બીઆરપીએલ વિસ્તારોમાં ૮.૭૫% નો વધારો થયો છે. જુલાઈમાં આવનારા બિલમાં આ વધારો જોવા મળશે. આ વધારો ૩ મહિના સુધી ચાલશે. આ પછી,ડીઈઆરસી વીજ કંપનીઓની અરજીના આધારે વીજળીના દર નક્કી કરશે.બીવાયપીએલના વિસ્તારમાં પૂર્વ અને મધ્ય દિલ્હીના ભાગોનો સમાવેશ થાય છે. તે જ સમયે,બીઆરપીએલના ક્ષેત્રમાં દક્ષિણ દિલ્હી અને પશ્ચિમ દિલ્હીના વિસ્તારોનો સમાવેશ થાય છે.

પીપીએસીમાં વધારો થતાં રાજ-કારણ પણ શરૂ થયું છે. દિલ્હીના વીજળી મંત્રી આતિશીએ ભાજપ પર ભ્રમ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું છે કે ભાજપ જુઠ્ઠાણું ફેલાવી રહી છે કે દિલ્હી સરકારે વીજળીના ભાવમાં વધારો કર્યો છે અને પીપીએસી માં વધારો કર્યો છે. ભાજપની સમસ્યા એ છે કે જે પણ રાજ્યમાં તેમની સરકાર છે, દેશમાં વીજળી સૌથી મોંઘી છે. દિલ્હીની આસપાસના બીજેપી શાસિત રાજ્યોમાં ફરીદાબાદ, નોઈડા, ગુરુગ્રામ, ગ્રેટર નોઈડા વગેરે જેવા સ્થળોએ ઉનાળામાં ૮ કલાકનો પાવર કટ છે. બીજેપી પોતે પોતાના રાજ્યોમાં વીજળીની સમસ્યા હલ કરી શકતી નથી અને દિલ્હી સરકાર પર ખોટા આરોપો લગાવી રહી છે.

મંત્રી આતિશીએ કહ્યું કે ફઈઇઝ પાસે સ્પષ્ટ આદેશ છે કે પીપીએસી ચાર્જ વધારી શકાય નહીં. આ અગાઉ નો આદેશ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. પરંતુ ડિસ્કોમ્સ પાસે એવી જોગવાઈ છે કે તેઓ ટૂંકા સમય માટે પીપીએસી ૭% સુધી વધારી શકે છે, ખાસ કરીને ઉનાળામાં જ્યારે પાવરની સૌથી વધુ માંગ હોય છે અને જ્યારે તેમને મોંઘા ભાવે વીજળી ખરીદવી પ ડે છે. તેમણે કહ્યું કે આ ત્યારે જ લાગુ પડે છે જ્યારે તેમણે મોંઘી વીજળી ખરીદી હોય. તેમણે કહ્યું કે આ જોગવાઈ છેલ્લા દસ વર્ષથી અમલમાં છે. ઘણીવાર ઉનાળામાં જ્યારે પાવર ડિમાન્ડ સૌથી વધુ હોય છે, ત્યારે ડિસ્કોમ કંપનીઓ પીપીએસી ૭ ટકા સુધી વધારી રહી છે. દિલ્હી સરકાર કે ડીઈઆરસી દ્વારા વીજળીના ભાવમાં વધારો કરવામાં આવ્યો નથી,

તસ્વીરી સમાચાર

ઓસ્ટ્રિયાની આ મુલાકાત ખૂબ જ ખાસ છે કારણ કે ઘણા દાયકાઓ પછી કોઈ ભારતીય વડાપ્રધાન આ અદ્ભુત દેશની મુલાકાત લઈ રહ્યા છે. આ તે સમય પણ છે જ્યારે આપણે ભારત-ઓસ્ટ્રિયા મિત્રતાના ૭૫ વર્ષ ઉજવી રહ્યા છીએ.

ડ્યુરાન્ડ કપ ટુર્નામેન્ટ ૨૦૨૪માં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

હાઈકોર્ટે ૭ દિવસમાં શંભુ બોર્ડર પરથી બેરીકેટ્સ હટાવવાનો આદેશ આપ્યો હતો.

આસામમાં મળ્યો "રીયલ-લાઈફ હેરી પોટર સાપ", હિમંતા સરમાએ તસવીરો શેર કરી હતી.

મહારાષ્ટ્રમાં ૧૧ બેઠકો પર વિધાન પરિષદની ચૂંટણી, દિગ્ગજ નેતાઓનું ભાવિ દાવ પર

મહારાષ્ટ્રમાં ૧૧ બેઠકો પર વિધાન પરિષદ (સ્ન્ઝ)ની ચૂંટ-ણી ૧૨ જુલાઈના રોજ યોજાશે. મહારાષ્ટ્રમાં વિધાન પરિષની ૧૧ બેઠકો પરની ચૂંટણીમાં ૧૨ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. આ ચૂંટણીમાં ઉમેદવારે જીત મેળવવા ૨૩ ધારાસભ્યોના વોટની જરૂર હોય છે. વિધાન પરિષદની ચૂંટણી સમયે જ દિગ્ગજ નેતાઓની વાસ્તવિક શક્તિનો પરિચય થાય છે. એટલે કે એનસીપી નેતા શરદ પવાર, મુખ્યમંત્રી એકનાથ શિંદે, ઉદ્ધવ ઠાકરે અને અજીત પવાર હોય કે પછી પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તમામને કેટલા ધારાસભ્યો હકીકતમાં સમર્થન કરે છે તે સાબિત થશે. દિગ્ગજ નેતાઓ માટે આ ફ્લોર ટેસ્ટ કહી શકાય.

વિધાન પરિષદની ચૂંટણીઓમાં, ધારાસભ્યો ઉપલા ગૃહના સભ્યોને પસંદ કરવા માટે મતદાન કરશે. મહારાષ્ટ્ર વિધાનસભામાં ૨૮૮ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. જો

અજિત કેમ્પને ડર છે કે આવા ધારાસભ્યો એમવીએ ઉમેદવારોને તેમના પરત ફરવાના ઈરાદાને સાબિત કરવા માટે ક્રોસ વોટ કરી શકે છે

કે, કેટલાક સભ્યોના અવસાનને કારણે અને થોડાક સભ્યો તાજેતરમાં લોકસભામાં ચૂંટાયા છે, સંખ્યા ઘટીને ૨૭૪ થઈ ગઈ છે. ફોર્મ્યુલા મુજબ, દરેક ઉમેદવારને ચૂંટવા માટે ઓછામાં ઓછા ૨૩ મત મળવા જોઈએ.

છેલ્લા કેટલાક દાયકાઓમાં, વિધાનસભાની ચૂંટણીઓ પછી અથવા જ્યારે પણ સરકાર વિધાનસભાના ફ્લોર પર વિશ્વાસ મત માંગતી હોય ત્યારે તેમના ધારાસભ્યોને રિસોર્ટમાં સુરક્ષિત રાખવાની વિવિધ રાજકીય પક્ષો ની પ્રથા રહી છે. રાજકીય પક્ષો તેમના ટોળાને એકસાથે રાખવા અને હોર્સ ટ્રેડિંગને રોકવા માટે આવા પગલાં અપનાવે છે. આ જ પ્રથા હવે મહારાષ્ટ્રના રાજકીય પક્ષ દ્વારા આગામી વિધાન પરિષદ (વિધાન પરિષદ)ની ચૂંટણી પહેલા અપનાવવામાં આવી રહી છે. આ ક્રોસ વોટિંગની શક્યતાને દૂર કરવા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા મત આપવામાં આવે છે.

અહેવાલ મુજબ શરદ પવારની એનસીપી સિવાય મહાયુતિ અને એમવીએ બંનેના તમામ મુખ્ય ઘટકોએ રિસોર્ટ બુક કરાવ્યા છે અને તેમના ધારાસભ્યોને ખસેડશે. અજિત પવારની એનસીપીનો મામલો ખાસ કરીને સંવેદનશીલ છે કારણ કે એવા અહેવાલો છે કે તેમની સાથે બળવો કરનારા કેટલાક ધારાસભ્યો શરદ પવાર પાસે પાછા ફરવા માંગે છે. અજિત કેમ્પને ડર છે કે આવા ધારાસભ્યો એમવીએ ઉમેદવારોને તેમના પરત ફરવાના ઈરાદાને સાબિત કરવા માટે ક્રોસ વોટ કરી શકે છે.

દેશના જળાશયોમાં સપ્ટે.૨૦૨૩ પછી પહેલી વખત પાણીની સપાટી વધી

નવીદિલ્હી,તા.૧૦

દેશના મોટા ભાગના રાજ્યોમાં ભારે વરસાદને પગલે ગયા વર્ષે સપ્ટેમ્બર પછી પહેલી વખત મુખ્ય જળાશયોમાં પાણીની સપાટીમાં વધારો થયો છે. સેન્ટ્રલ વોટર કમિશનએ જણાવ્યું હતું કે, ગયા સપ્તાહે જળસ્તરમાં બે ટકા વધારો નોંધાયોહતો.આસાથે૨૯સપ્ટેમ્બર, ૨૦૨૩થી દર સપ્તાહે પાણીના સ્તરમાં થઈ રહેલો ઘટાડો અટક્યો છે. સત્તાવાર ડેટા મુજબ સપ્ટેમ્બર ૨૦૨૩માં પાણીની સંગ્રહ ક્ષમતા ૭૩ ટકા હતી. છેલ્લા કેટલાક સપ્તાહથી દેશભરમાં વ્યાપક વરસાદ નોંધાયો છે. CWC દેશભરના ૧૫૦ જળાશયોની સંગ્રહ ક્ષમતા પર સતત નજર રાખે છે. બુલેટિન અનુસાર ૧૫૦ જળાશયમાંથી ૨૦ માત્ર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ માટે છે. તેમની કુલ લાઈવ સ્ટોરેજ ક્ષમતા ૩૫.૩૦ અબજ ઘનમીટર છે.સીડબ્લ્યુસીએ ૪ જુલાઈએ જણાવ્યું હતું કે, આ જળાશયોની સંગ્રહ ક્ષમતા વધીને ૩૯.૭૨૯ અબજ ઘનમીટર થઈ છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૨૨ ટકા છે.

અગાઉના વર્ષના સમાન ગાળામાં જળાશયોની સંગ્રહ ક્ષમતા ૫૦.૪૨૨ અબજ ઘનમીટર હતી અને સંગ્રહનું સામાન્ય સ્તર ૪૪.૦૬ અબજ ઘનમીટર હતું. પશ્ચિમ ભારતમાં ગુજરાત અને મહા રાષ્ટ્રમાં કુલ ૪૯ જળાશય છે. જેની કુલ સંગ્રહ ક્ષમતા ૩૭.૧૩૦ અબજ ઘનમીટર છે. અત્યારનો સંગ્રહ ૭.૯૪૯ અબજ ઘનમીટર (૨૧ ટકા) છે, જે ગયા વર્ષે ૨૭ ટકા હતો. જ્યારે સામાન્ય સંગ્રહનું સ્તર ૨૨ ટકા છે. ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનમાં ૧૦ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા ૧૯.૬૬૩ અબજ ઘનમીટર છે. વર્તમાન સંગ્રહ ક્ષમતા ૫.૩૯ અબજ ઘનમીટર (૨૭ ટકા) છે, જે અગાઉના વર્ષના સમાન ગાળાના ૪૫ ટકા અને સામાન્ય સ્તરના ૩૧ ટકા છે. ગયા વર્ષની તુલનામાં જળાશયોનો સારો સંગ્રહ ધરાવતા રાજ્યોમાં આસામ, ઝારખંડ, ત્રિપુરા, નાગાલેન્ડ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, કર્ણાટક અને કેરલનો સમાવેશ થાય છે.

હવે કોંગ્રેસ પશ્ચિમ બંગાળ પર ફોકસ વધારશે, ટીએમસી અને ભાજપ સામે લડવા માટે ખાસ પ્લાન

કોલકતા,તા.૧૦

કોંગ્રેસ પશ્ચિમ બંગાળમાં પોતાની રણનીતિ બદલવા જઈ રહી છે. પાર્ટીનું માનવું છે કે બંગાળમાં ટીએમસી સામે લડવાને બદલે પહેલા ભાજપ સામે લડવું જરૂરી છે. આ માટે પાર્ટી ટૂંક સમયમાં પશ્ચિમ બંગાળના નવા અધ્યક્ષના નામની જાહેરાત કરી શકે છે. લોકસભા ચૂંટણી બાદ બંગાળ કોંગ્રેસના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ જૂનમાં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ત્યારથી બંગાળ કોંગ્રેસના અધ્યક્ષનું પદ ખાલી છે.

કોંગ્રેસ હાઈકમાન્ડે પણ બંગાળમાં પાર્ટીના નવા અધ્યક્ષને લઈને તેના નેતાઓ સાથે ચર્ચા શરૂ કરી દીધી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વએ રાજયના નેતાઓ સાથે નવા અધ્યક્ષના નામ અને રાજ્યમાં કોંગ્રેસના ભાવિ માર્ગને લઈને અનેક રાઉન્ડની ચર્ચા કરી છે. આવી સ્થિતિમાં, એવું માનવામાં આવે છે કે પાર્ટી હવે કોઈપણ વિલંબ કર્યા વિના બંગાળ કોંગ્રેસ અધ્યક્ષ અંગે નિર્ણય લઈ શકે છે.

નવા રાષ્ટ્રપતિની રેસમાં અત્યાર સુધી જે ચાર નેતાઓના નામ સામે આવ્યા છે તેમાં નેપાલ મહતો વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે તે અધીર રંજન ચૌધરીની પસંદગી છે. જ્યારે અબ્દુલ સત્તાર વર્ષ ૨૦૧૮માં સીપીએમમાંથી કોંગ્રેસમાં જોડાયા હતા. સત્તાર ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને મદરેસા બોર્ડના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

લોકસભા ચૂંટણીમાં હાર બાદ રાજયના મોટાભાગના નેતાઓએ રાજ્યમાં 'એકલા જવાની' વાત કરી છે, પરંતુ તેઓએ એમ પણ કહ્યું છે કે પહેલું લક્ષ્ય ભાજપ સામે લડીને વિપક્ષ ની જગ્યા કબજે કરવાનું છે.

સરકાર અડધો પગાર પેન્શનમાં આપવાની તૈયારી કરી રહી છે, બજેટમાં જાહેરાત થઈ શકે છે

નવીદિલ્હી,તા.૧૦

વિપક્ષ લાંબા સમયથી જૂની પેન્શન યોજનાનું સમર્થન કરી રહ્યો છે. ઘણા રાજ્યોમાં વિપક્ષની સરકારોએ પણ જૂની પેન્શન યોજના પાછી લાવવાનું વચન આપ્યું છે. મોદી સરકાર આની તરફેણમાં દેખાતી નથી. પરંતુ કર્મચારીઓને વધુ પેન્શન આપવા માટે નેશનલ પેન્શન સ્કીમ એટલે કે એનપીએસમાં ફેરફારની તૈયારીઓ ઘણા સમયથી ચાલી રહી છે. હવે એવી આશા છે કે સરકાર ૨૩ જુલાઈએ રજૂ થનારા બજેટમાં આને લગતી મોટી જાહેરાત કરી શકે છે. સરકાર એનપીએસમાં ગેરંટીકૃત વળતર ઓફર કરી શકે છે. એક અહેવાલ મુજબ કેન્દ્ર સરકારના કર્મચારીઓને તેમના છેલ્લા પગારના ૫૦ ટકા પેન્શન તરીકે આપવાનું વચન આપવામાં આવી શકે છે.

વર્તમાન સ્કીમમાં પણ ૨૫-૩૦ વર્ષથી રોકાણ કરનારા કર્મચારીઓને સારું વળતર મળી રહ્યું છે. ખાસ કરીને એવા કર્મચારીઓ કે જેમની ૨૦૦૪ પછી ભરતી કરવામાં આવી છે. અહેવાલ મુજબ, સોમનાથન સમિતિએ પેન્શનની આંતરરાષ્ટ્રીય પ્રથા તેમજ આંધ્ર પ્રદેશ સરકારની પેન્શન નીતિનો અભ્યાસ કર્યો છે. આ સમિતિએ ખાતરીપૂર્વકના વળતરની અસરનું મૂલ્યાંકન કર્યું છે.

એનએસપીને આકર્ષક બનાવવા માટે સરકાર લાંબા સમયથી પગલાં લઈ રહી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓને તેમના છેલ્લા પગારના ૫૦ ટકા પેન્શન તરીકે મળવું જોઈએ કે કેમ તે અંગે સરકાર ગંભીરતાથી વિચાર કરી રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણની જાહેરાત બાદ વર્ષ ૨૦૨૩માં નાણાં સચિવ ટીવી સોમનાથનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિનો આદેશ જૂની પેન્શન યોજનાને પાછી લાવ્યા વિના એનપીએસ હેઠળ પેન્શન લાભો સુધારવાના માર્ગો શોધવાનો છે. ગત વર્ષે કોંગ્રેસ દ્વારા ઘણા રાજ્યોમાં જૂની પેન્શન યોજના પાછી લાવવાની જાહેરાત બાદ આ સમિતિની રચના કરવામાં આવી હતી. ત્યારે કેન્દ્ર સરકારે જૂની પેન્શન સ્કીમ પરત કરવાનો ઈંકાર કરી દીધો હતો.

જૂની પેન્શન યોજનામાં, સરકારી કર્મચારીઓને તેમના છેલ્લા પગારનો અડધો ભાગ પગાર પંચની ભલામણો સાથે પેન્શન તરીકે એડજસ્ટ કરવામાં આવે છે. જૂની પેન્શન યોજનામાં, કર્મચારીઓએ પેન્શન માટે કોઈ યોગદાન આપવું પડતું નથી. જ્યારે રાષ્ટ્રીય પેન્શન યોજના યોગદાન આધારિત પેન્શન યોજના છે. આમાં, કર્મચારીએ તેના મૂળ પગારના ૧૦ ટકા અને સરકાર ૧૪ ટકા રકમનું યોગદાન આપે છે. આ રકમ રોકાણના વિવિધ વિકલ્પોમાં રોકાણ કરવામાં આવે છે અને તેમાંથી કર્મચારીને પેન્શન મળે છે.

સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૪૨૬ પોઈન્ટ તૂટ્યો

મુંબઈ,તા.૧૦

શેરબજારમાં આજે પ્રોફિટ બુકિંગનું પ્રમાણ વધતાં સેન્સેક્સ અને નિફ્ટી ઘટાડે બંધ રહ્યા હતા. ૨૩ જુલાઈએ રજૂ થનારા કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ અને ત્રિમાસિક પરિણામો પહેલાં આ ઘટાડો માર્કેટમાં હેલ્ધી કરેક્શનનો સંકેત આપી રહ્યો છે. માર્કેટમાં વેચવાલીના પ્રેશર વચ્ચે રોકાણકારોની મૂડી આજે ૧.૨૧ લાખ કરોડ વધી હતી. સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ ટોચે ખૂલ્યાં બાદ સેન્સેક્સ ૧૦૪૫.૬૬ પોઈન્ટની વોલેટિ-લિટીના અંતે ૪૨૬.૮૭ પોઈન્ટ ઘટાડે, જ્યારે નિફ્ટી ૧૦૮.૭૫ પોઈન્ટ ઘટી ૨૪૩૨૪.૪૫ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પેકનો છેલ્લા બે દિવસનો ટોપ પર્ફોર્મર શેર મારૂતિ સુઝુકીમાં પણ આજે અંતિમ સેશનમાં પ્રોફિટ બુકિંગ જોવા મળતાં ૦.૩૬ ટકા ઘટાડે બંધ રહ્યો હતો.

બીએસઈ ખાતે ટ્રેડેડ કુલ ૪૦૨૧ સ્ક્રિપ્સમાંથી ૧૩૬૫ શેર્સ સુધારા તરફી, જ્યારે ૨૫૭૪ શેર્સ ઘટાડે બંધ રહ્યા હતા. સેન્સેક્સ પેકની ૩૦ સ્ક્રિપ્સ પૈકી ૧૦માં જ સુધારો જોવા મળ્યો હતો. જે માર્કેટ બ્રેડ્થ નેગેટિવ દર્શાવે છે. ઈન્ટ્રા ડે ૨૫૭ શેર્સમાં અપર સર્કિટ, અને ૨૯૦ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. જ્યારે ૨૭૩ શેર્સ વર્ષની ટોચે અને ૨૫ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. માર્કેટ નિષ્ણાતોએ આ ઘટાડાને પોઝિટીવ ગણાવ્યો છે, ટેક્નિકલી માર્કેટના સતત ઉછાળાએ વિરામ લેવાની જરૂર દર્શાવી છે. જેથી કેન્દ્રીય બજેટની જાહેરાતો અને જૂન ત્રિમાસિક પરિણામોની અસર શેરબજાર પર જોવા મળી શકે. વૈશ્વિક સ્તરે પણ ચીન, અમેરિકાના જીડીપી અને ફુગાવાના આંકડા પર સૌ કોઈની નજર છે. જેરોમ પોવેલએ ડોવિશ વલણનો સંકેત આપ્યો છે.

મહિલા ટીમ ઈન્ડિયાએ દક્ષિણ આફ્રિકાને ૧૦ વિકેટથી હરાવ્યું

નવી દિલ્હી, તા.૧૦

પૂજા વસ્ત્રાકર અને રાધા યાદવની શાનદાર બોલિંગને કારણે, ભારતે ત્રીજી અને અંતિમ મહિલા ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૦ વિકેટથી હરાવ્યું. ટીમ ઈન્ડિયાને ૫૫ બોલ બાકી રહેતા આ એકતરફી જીત મળી હતી. આ સાથે જ ત્રણ મેચની સિરીઝ ૧-૧થી બરોબર રહી હતી. ઝડપી બોલર વસ્ત્રાકર (૧૩ રનમાં ૪ વિકેટ)એ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ ૪ વિકેટ ઝડપી હતી, જ્યારે ડાબા હાથની સ્પિનર રાધા (૬ રનમાં ૩ વિકેટ)એ ૩ વિકેટ ઝડપી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકા ૧૭.૧ ઓવરમાં ૮૪ રનમાં ઓલઆ-

ઉટ થઈ ગયું હતું. ભારતે ૧૦.૫ ઓવરમાં કોઈપણ નુકશાન વિના ૮૮ રન બનાવીને આસાન વિજય નોંધાવ્યો હતો. સ્મૃતિ મંધાના ૪૦ બોલમાં ૫૪ રન બનાવીને અણનમ રહી અને શેફાલી વર્મા ૨૫ બોલમાં ૨૭ રન બનાવીને અણનમ રહી. દક્ષિણ આફ્રિકાએ પ્રથમ મેચ ૧૨ રને જીતી હતી, જ્યારે બીજી મેચ વરસાદને કારણે પૂર્ણ થઈ શકી ન હતી. અગાઉ, વનડે શ્રેણીમાં ૩-૦થી જીત નોંધાવવા ઉપરાંત, ભારતે એકમાત્ર ટેસ્ટ મેચ પણ જીતી હતી.

અમેરિકાના ટેક્સાસમાં બેરિલ વાવાઝોડાની તબાહી

વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકાના ટેક્સાસમાં બેરિલ વાવાઝોડું તબાહી મચાવી રહ્યું છે. વાવાઝોડાને કારણે વૃક્ષો પડી જવાથી અને ભારે પૂરના કારણે આઠ લોકોના મોત થયા હતા. આ બાબતે અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટેક્સાસમાં સાત લોકો અને લ્યુઈસિયાનામાં એક વ્યક્તિનું મોત થયું છે. ટેક્સાસમાં ૩ મિલિયન ઘરો અને વ્યાપારી સંસ્થાઓમાં વીજળી ગુલ થઈ ગઈ છે. નેશનલ હરિકેન સેન્ટરે સોમવારે સાંજે જણાવ્યું હતું કે બેરિલ વાવાઝોડું માટાગોર્ડા નજીક કેટેગરી ૧ના વાવાઝોડા તરીકે નોંધવામાં આવ્યું હતું. જેના કારણે શાળાઓ, વ્યાપારી સંસ્થાઓ, ઓફિસો અને નાણાકીય સંસ્થાઓ બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ આ વાવાઝોડું હ્યુસ્ટનમાં જતા પહેલા માટાગોર્ડામાં ભારે વરસાદને કારણે નબળું પડી ગયું છે.

યુએસ નેશનલ હરિકેન સેન્ટરે જણાવ્યું હતું કે બેરિલ મંગળવારે નબળું પડ્યું હતું અને ૩૦ માઈલ (૪૫ કિલોમીટર) પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ઉત્તરપૂર્વ તરફ આગળ વધી રહ્યું હતું, જોકે, તે હજુ પણ પૂર અને ભારે પવન સર્જી શકે છે. હ્યુસ્ટનમાં ૩ મિલિયનથી વધુ લોકો જોરદાર પવન અને પૂરથી ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ગયા અઠવાડિયે બેરિલ વાવાઝોડું જમૈકા, ગ્રેનાડા અને સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સમાં ત્રાટક્યું હતું, જેમાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા હતા. તેમજ માળખાકીય સુવિધાઓને પણ ભારે નુકસાન થયું હતું. વાવાઝોડું હાલમાં હ્યુસ્ટનથી ૭૦ માઈલ દક્ષિણપ શ્ચિમમાં ૧૨ માઈલ પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. તે લોઅર મિસિસિપી વેલી અને પછી ઓહિયો વેલી તરફ આગળ વધતા પહેલા આજે પૂર્વ ટેક્સાસને અસર કરશે.

એક મહિલા IRS અધિકારીએ લિંગ પરિવર્તન કરાવીને પુરુષ બન્યા

નવી દિલ્હી, તા.૧૦

સિવિલ સર્વિસના ઈતિહાસમાં કદાચ આ પ્રકારનો પ્રથમ કિસ્સો જોવા મળ્યો છે. જેમાં એક મહિલા IRS અધિકારીએ લિંગ પરિવર્તન કરાવીને પુરુષ બન્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ એક્સાઈઝ એન્ડ કસ્ટમ્સના રેવન્યુ ડિપાર્ટમેન્ટે મંગળવારે તેને મંજૂરી આપી છે. વિભાગે કહ્યું કે, હવે સંબંધિત મહિલા અધિકારી મિસ એમ અનુસૂયા હવે મિસ્ટર એમ અનુકથિર સૂર્યા તરીકે ઓળખાશે અને તેમની ઓળખાણ મહિલાને બદલે પુરુષ તરીકે કરવામાં આવશે. હૈદરાબાદમાં તૈનાત આ મહિલા IRS અધિકારીને તેનું લિંગ બદલવા અને પુરૂષ ઓળખ અપનાવવાની મંજૂરી મળી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, એમ.અનુસૂયાએ પોતાનું નામ એમ.અનુકથિર સૂર્યા કરવા અને લિંગને સ્ત્રીમાંથી પુરુષ કરવાની વિનંતી કરી હતી.

હકીકતમાં, મહિલા IRS અધિકારી એમ.અનુસૂયાને હૈદર-ાબાદના પ્રાદેશિક કેન્દ્રીય આબકારી કસ્ટમ એક્સાઈઝ એન્ડ સર્વિસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (CESTAT)માં જોઈન્ટ કમિશનર તરીકે પોસ્ટ કરવામાં આવી હતી. અનુસૂયાએ તેનું નામ એમ.અનુકથિર સૂર્યા અને લિંગને સ્ત્રીમાંથી પુરુષ બદલવાની વિનંતી કરી હતી. વિભાગે તેમની વાત સ્વીકારી છે. હવે તે પુરુષ તરીકે ઓળખાશે.

અહેવાલો અનુસાર, સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ, ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુએ આદેશ જારી કર્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, એમ.અનુસૂયાની વિનંતી પર વિચાર કરવામાં આવ્યો છે. સંબંધિત અધિકારીની ઓળખ હવેથી તમામ સત્તાવાર રેકોર્ડમાં શ્રી એમ અનુકથિર સૂર્યા તરીકે કરવામાં આવશે. ૧૫ એપ્રિલ, ૨૦૧૪ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા ભારતમાં ત્રીજા લિંગને માન્યતા આપવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે, લિંગ ઓળખ એ વ્યક્તિગત પસંદગી છે કે વ્યક્તિ 'સર્જરી કરાવે છે કે નહીં.'

ઓડિશામાં એક પુરૂષ વાણિજ્યિક કર અધિકારીએ ઓડિશા ફાઈનાન્સિયલ સર્વિસિસમાં નોકરીમાં જોડાયાના પાંચ વર્ષ પછી, ૨૦૧૫માં તેનું લિંગ બદલીને સ્ત્રી બનવાનું નક્કી કર્યું હતું. તે પણ મંજૂર કરવામાં આવ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

ગોંડલ: શાસ્ત્રોક્ત પદ્ધતિથી તૈયાર કરાતી ઔષધિ બાળકોને વિનામૂલ્યે અપાય છે

ગોંડલ તા.૧૦

માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા આયુર્વેદિક જીવનશૈલી દ્વારા દર મહિને પુષ્યનક્ષત્ર પર વૈદિક પદ્ધતિથી અમૂલ્ય ઔષધોથી તૈયાર થયેલ સુવર્ણપ્રાશન ઔષધિ બાળકોના બૌધિક, શારીરિક અને માનસિક વિકાસમાં ખૂબ જ ઉપયોગી એવી શાસ્ત્રોક્ત પદ્ધતિથી મૂલ્યવાન ઔષધ અને ભસ્મ તૈયાર કરવામાં આવે છે, આ સુવર્ણપ્રશન સરકારી આંગણવાડીના બાળકો તથા અલગ અલગ સોસાયટી ના બાળકો માટે સુવર્ણપ્રશન ટીપાં કેમ્પનું આયોજન કરવામા આવ્યું હતુ. આ કેમ્પમાં ૮૫૦ બાળકોને વિનામૂલ્યે ટીપા પીવડાવવામાં આવ્યા હતા, કેમ્પ ના મુખ્ય આયોજક બંટીભાઈ ભુવા, કિશોર ધડુક, વિમલ મોવલીયા, કાર્તિક સાવલીયા, નિરંજનગીરી,ચંદ્રેશ સોલંકી, વર્ષાબેન મોઢવાણિયા, રમાબેન કંડોલિયા, રીષ્ધીબેન ડાભી, અંકિતાબેન પટેલ, મિતલબેન ત્રિવેદી, વગેરે સભ્યો આ સેવા કાર્યમાં સહયોગથી બન્યા હતા.

એ.બી.વી.પી.દ્વારા ૭૬માં સ્થાપના દિન નિમિતે મુંદરા કોલેજમાં વૃક્ષારોપણ

ભુજ તા.૧૦

તારીખ ૦૯/૦૭ ના વિશ્વના સૌથી મોટા કાર્યરત વિદ્યાર્થી સંગઠન એવા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ એ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિતે ૭૬માં સ્થાપના દિવસે મુન્દ્રા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ અવસરે કોલેજના આચાર્ય દીપક ખરાડી, શ્રી મટાણી, અને શ્રી રાજદીપસિંહ તેમજ તમામ શિક્ષક ગણ અને વિદ્યાર્થીભાઈ બહેનોએ હાજર રહી ઉત્સાહભેર વૃક્ષારોપણ કર્યુ હતું.

સોમવારે ભુજપુર ગામે જૈન સંતો અને મહાસતીજીઓ ચાતુર્માસ પ્રવેશ કરશે

માંડવી તા.૧૦

કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના આચાર્ય પદ્મચંદ્રજી સ્વામીના શિષ્યો અને શિષ્યાઓ તા.૧૫/૭ના મુન્દ્રા તાલુકાના ભુજપુર ગામે વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ કરશે. તારાચંદમુનિ મ.સા. અને તેમના શિષ્યો પ્રશાંતમુનિ મ.સા., સમર્પણમુની મ.સા. તથા કસ્તુરબાઈ મહાસતી અને પૂર્વીશાબાઈ મહાસતી ભુજપુર ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે. જીવદયા પ્રેમી જીતેન્દ્રમુની મ.સા. તથા યતિવર્ય મોતીસાગરજી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે. સવારના પ્રતાપુર ગામ થી વિહાર કરીને સવારે ૯ વાગે ભુજપુરના સ્થાનકમાં પ્રવેશ કરશે, આ પ્રસંગે માતૃશ્રી લાછબાઈ મોણસી દેઢિયા પરિવાર (હસ્તેઃ જ્યોતિબેન જીતેન્દ્ર દેઢિયા) તરફથી સ્વામી વાત્સલ્યનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનો ચૂંટણી કાર્યક્રમ જાહેર

ભુજ : રાજ્યના કર્મચારીઓના સૌથી મોટા સંગઠન કે જેના પર તમામ કર્મચારીઓ તથા અન્ય સંગઠનોની મીટ મંડાયેલી હોય છે એવા ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક સંઘ નો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ બાબતે રાજ્યસંઘના ચૂંટણી પંચના અધ્યક્ષ સંજય પટેલને ટાંકીને વિશેષ માહિતી આપતા કચ્છ જિલ્લાના રાજ્યના હોદ્દેદાર હરિસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર આગામી ૩ વર્ષની મુદ્દત માટે યોજાનાર આ ચૂંટણી સંદર્ભે ગત ૯ જુલાઈના રોજ મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ છે. ૧૪ જુલાઈના ફોર્મ ભરવા, ચકાસણી કરવા, ફોર્મ પરત ખેંચવા ઉપરાંત આખરી યાદી પ્રસિદ્ધ કરવા માટેનો સમય નક્કી કરવામાં આવ્યો છે. તો ૨૧ જુલાઈના ચાણક્ય ભવન, ગાંધીનગર ખાતે મતદાન યોજાશે અને એજ દિવસે મતગણતરી હાથ ધરાશે. રાજ્યના પ્રમુખ અને મહામંત્રીની આ ચૂંટણીમાં જે તે જિલ્લાના પદનામિત હોદ્દેદારો જ ઉમેદવારી નોંધાવી શકે છે. દરેક જિલ્લામાંથી ૧ -૧ પદનામિત હોદ્દેદારની વરણી કરવામાં આવે છે. મતદાનમાં કચ્છના ૨૨ સહિત રાજ્યના કુલ ૪૭૪ રાજ્ય પ્રતિનિધિઓ પોતાના મતદાન અધિકારનો પ્રયોગ કરશે.

રવિવારે ભુજ કોવઈનગર મધ્યે જૈન સંતો, સાધ્વીજી ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે

ભુજ : અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંઘના ચેરમેન જીગર છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલીત ભુજ ક.વી.ઓ.જૈન સંઘના આંગણે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ આ.ભ. ગુણસાગરસુરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાએ તપસ્વીરત્ન આ.ભ. ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.,સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દક્ષિણ દિપક અચલગચ્છાધિપતિ આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., વર્ષીતપ આરાધક આ.ભ. કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.,આ.ભ. મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આર્શીવાદી પ્રવર્તીની પ્ર.મ.મુ.સાધ્વી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વી કુમુદકિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા સાધ્વી દિવ્યકિરણાશ્રીજી મ.સા.અને સાધ્વી હર્ષકિરણાશ્રીજી મ.સા.આદિ ઠાણા-૨, તા.૧૪/૭ સવારે ૯ કલાકે નવનીત નગર કોવઈ નગર મધ્યે અમરસન્સ ઉપાશ્રય મધ્યે સકળ સંઘની ઉપસ્થિતિમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે નવકારશી તથા પ્રભાવનાનો લાભ માતૃશ્રી લક્ષ્મીબેન જગશી ચાંપશી છેડા પરિવાર ના હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવારે લીધો છે.

પસંદગીના નંબરોની સિરિઝનું રી-ઓકશન કરાશે

ભુજ તા.૧૦

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અંજાર દ્વારા મોટર સાયકલ,એલએમવી કાર, ૩ વ્હીલર અને ટ્રાન્સપોર્ટ વાહનોમાં અગાઉની સિરીઝમાં બાકી રહેલા ગોલ્ડન અને સિલ્વર નંબરોનું રી-ઓકશન કરવામાં આવનાર છે.

ઓનલાઈન અરજી ૧૬/૦૭ સાંજે ૦૪ કલાકે શરૂ થશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૮/૦૭, સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનની શરૂઆત તારીખ ૧૮/૦૭ સાંજે ૪ કલાક સુધી, ઈ-ઓકશન સમાપ્ત તારીખ ૨૦/૦૭ સાંજે ૪ કલાક સુધી રહેશે. પસંદગીનો નંબર મેળવવા ઇચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવા https://vahan.parivahan.gov.in/fancy પર નોંધણી, યુઝર આઈ. ડી અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશરની કચેરીના પરિપત્રની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે.

પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઇનવોઇસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસની અંદર કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે.

અંજારમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ

પહેલા ધોરણમાં પ્રવેશ લીધેલ ૫૬૦૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શૈક્ષણિક કીટ આપી પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી : વેલસ્પન ફાઉન્ડેશનનો ઉદ્દેશ ડીઝીટલ સ્કુલોના નિર્માણમાં સહયોગ સાથે આવા ૧૦ લાખ લોકો સુધી પહોંચવાનો હોવાનુ અધિકારીઓએ જણાવ્યુ હતુ

અંજાર, તા. ૧૦

સરકારી પ્રાથમિક શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન દર વર્ષની જેમ વર્ષ ૨૦૨૪-૨૫ માં પણ કરવામાં આવ્યું, જે સરકારી પ્રાથમિક શાળામાં બાલવાટિકા અને પહેલા ધોરણમાં પ્રવેશ લેતા બાળકોને શાળામાં આવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ઉજવવામાં આવે છે, જેથી કોઈ પણ બાળક શિક્ષાથી વંચિત ના રહે.વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માં અંજાર અને વલસાડ જિલ્લાની ૨૫૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટિકા અને પહેલા ધોરણમાં પ્રવેશ લીધેલ ૫૬૦૦ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શૈક્ષણિક કીટ આપી પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં વરિષ્ઠ સરકારી અધિકારીઓ, ગામના સરપંચ, એસએમસી સભ્યો તેમજ વેલસ્પનના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.શૈક્ષણિક વિકાસને ટેકો આપવાની વેલસ્પન વર્લ્ડની પ્રતિબદ્ધતામાં આ કાર્યક્રમમાં એક મહત્વપૂર્ણ પગલું હતુ.

વેલસ્પન ફાઉન્ડેશને દેશભરમાં અનેક શાળાઓમાં વર્ગખંડોનું ડિજિટાઇઝેશન કર્યું છે જેથી અંદાજે ૧,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળી રહે. વેલસ્પન વર્લ્ડે બાળકો પોતાના ભવિષ્યની અપાર સંભાવનાઓ જોઈ શકે અને તે દિશામાં કદમ વધારી શકે તે માટે અનેક શાળાઓ પણ ખુલ્લી મૂકી છે. વેલ-શિક્ષા જેવી પહેલ દ્વારા, વેલસ્પન ફાઉન્ડેશન દેશના ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણના ધોરણોને સુધારવા માટે અથાક કામ કરી રહ્યું છે. ફાઉન્ડેશન દ્વારા શાળાકીય શિક્ષણની જરૂરિયાતોનું વિતરણ એ ઘણી પહેલોમાંથી એક છે.

વેલ-શિક્ષા રાષ્ટ્રની સાક્ષરતાનો રેશિયો વધે તે માટે વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોને નવા-યુગનીટેકનોલોજીસાથેસશક્તબનાવેછે.વેલસ્પન ફાઉન્ડેશન એ વેલસ્પન વર્લ્ડની ઝ્રઝ્ર અંગે કામ કરતુ એકમ છે. જે ગ્રામિણ ભારતના વિવિધ ક્ષેત્રોમાં સર્વગ્રાહી વિકાસ માટે કામ કરે છે. તેના કાર્યક્રમો શિક્ષણ, મહિલા સશક્તિકરણ, આરોગ્ય, આજીવિકા, ખેતી,પશુપાલન અને એવી ઘણી બધી બાબતો ઉપર ભાર મુકે છે જે ભારતમાં ગ્રામીણ વસ્તી માટે વિકાસના દરેક પાસાઓને આવરી લેવામાં આવે છે. વેલસ્પન ફાઉન્ડેશનનો ઉદ્દેશ આવા ૧૦ લાખ લોકો સુધી પહોંચવાનો છે. વેલસ્પન ફાઉન્ડેશન જમીની હકીકત સમજી અને તે મુજબના કાર્યક્રમોનું નિર્માણ કરે છે જેથી તેના લાભાર્થીઓને મહત્તમ લાભ પ્રાપ્ત થાય.વેલસ્પન ફાઉન્ડેશન એક સર્વગ્રાહી મેટ્રિક્સ દ્વારા ગામડાઓમાં પરિવર્તન લાવી રહ્યું છે, જે હકારાત્મકતાના મજબૂત પાયા ઉપર બનેલું છે.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત જિલ્લા જળસ્ત્રાવ વિકાસ એકમ દ્વારા પ્રેરણા પ્રવાસ

કચ્છ જીલ્લામાં પ્રથમ ટ્રીપ માં નખત્રાણા તાલુકાના સાંગાનારા, સાયરા અને ગાંગોણ ગામનો સમાવેશ

ભુજ તા.૧૦

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના વોટર સાઇડ કમ્પોનન્ટ અંતર્ગત ગ્રામ જળસ્ત્રાવ સમિતિ, સ્વ સમિતિ જુથ ખેડુતો માટે જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ દ્વારા પ્રેરણા પ્રવાસની બસોને લીલી ઝંડી અપાઇ હતી. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં Wdc.૨.૦ ના પાંચ પ્રોજેક્ટ મંજુર થયેલ છે જેમાં પાણી બચાવવા, જમીન સુધારણા,જંગલના વિકાસ તેમજ લોકોને રોજગારી મળે તેવા કાર્યો કરવામાં આવનાર છે. પ્રોજેક્ટ વિસ્તારના લોકોને પ્રોજેક્ટની યોગ્ય માહિતી મળે અને અન્ય જિલ્લામાં જળસ્ત્રાવને લગતા થયેલ કાર્યો, કૃષિ યુનિવર્સિટી દ્વારા થયેલ ખેત સુધારણા કામોને નીહાળી પોતાના ગામોમાં તેવા જ કામો થાય તે માટે પ્રેરણા પ્રવાસનું આયોજન જિલ્લા જળસ્ત્રાવ એકમ ભુજ કચ્છ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં કુલ ચાર દિવસના પ્રવાસ દરમિયાન બનાસકાંઠા, પાટણ અને મહેસાણા એમ ત્રણ જિલ્લામાં કચ્છ જીલ્લાના પ્રથમ ટ્રીપમાં નખત્રાણા તાલુકાના સાંગાનારા, સાયરા અને ગાંગોણ ગામનાં લાભાર્થીઓ અન્ય જીલ્લામાં થયેલ કામો જેવા કે ચેકડેમ, તળાવ, જમીન સુધારણા, ડ્રીપ એરીગેશન, નદી પુન;જીવંતના કામો સ્વસહાય જૂથ,ખેડૂત સાથે મુલાકાત કરવામાં આવશે. કચ્છના દુર્ગમ વિસ્તારમાં રહેતી બહેનોને પોતાના ગામની બહાર ગયેલ નથી તેવી બહેનોની અન્ય જિલ્લામાં સ્વસહાય જૂથ, બહેનો ને મળીને તેઓ પ્રેરણા મેળવે તેવા ઉદ્દેશ્યો સાથે આ પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવી રહ્યું છે. પ્રવાસ દરમિયાન ચા નાસ્તો બે ટાઈમનું ભોજન અને રહેવા જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પ્રસગે નવનિયુક્ત આઇ.એ.એસ ઈ.સુષ્મિતા, તેમજ DRRA અને DWDU નો સ્ટાફગણ જોડાયો હતો, સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંચાલન બાબુભાઈ જોગેલ(MDT CM) દ્વારા કરવામાં આવ્યું હતું

૭ વર્ષથી મનોવિચ્છિન્નતા રોગથી પીડિત મહિલાના જીવનમાં સુખનો સૂરજ ઊગ્યો

જી.કે.જનરલ અદાણી હોસ્પિ.ના મનોચિકિત્સા વિભાગની ૨૫ દિવસની સારવારથી, ૭ વર્ષથી પીડાતી પરિણિતાની જિંદગી પાટે ચડી

ભુજ તા.૧૦

જી.કે.જનરલ અદાણી હોસ્પિટલના મનોચિકિત્સા વિભાગ દ્વારા છેલ્લા ૭ વર્ષથી મનોવિચ્છિન્નતા (સિઝોફ્રેનીયા) જેવા મનોવિકાર રોગથી દુઃખી પરિણીતાને ૨૫ દિવસની સારવાર આપ્યા બાદ મહિલાના જીવનમાં ફરી સુખનો સૂરજ ઊગ્યો છે. જી.કે.ના મનોચિકિત્સા ડિપાર્ટમેન્ટના હેડ ડો.મહેશ ટીલવાણી અને ડો.રિદ્ધિ ઠક્કરે માહિતી આપતા કહ્યું હતું કે, આ પરિણીતાને મનોવિચ્છિન્નતાના આ રોગથી મુક્તિ આપવા મનોરોગ વોર્ડમાં દાખલ કરી શેકની સારવાર(ઈસીટી) અને દવાની સારવારના અંતે તેની ૭ વર્ષથી છિન્નભિન્ન જિંદગીને સંવારી દેવાઈ છે, તેણીને ૭ થી ૮ વાર શેક આપવા પડ્યા હતા. તબીબોના જણાવ્યા મુજબ ભુજમાં રહેતા એક યુગલના લગ્ન ૮ વર્ષ પહેલાં થયા હતા, એક દિવસ મહિલાને ઉલ્ટી થતાં, પતિ સાથે ઈમરજન્સીમાં સારવાર લેવા આવ્યા, સારવાર શરૂ કરી પણ મેડિસીનના તબીબને શારીરિક કરતાં માનસિક અસર વધુ જણાતા મનોચિકિત્સા વિભાગને દર્દી ને રિફર કરવમાં આવ્યા અને મનોરોગ વિભાગે સિઝોફ્રેનીયાનું નિદાન કર્યું. જી.કે.માં બહેન આવ્યાં તે પહેલાં છૂટ-પુટ સારવાર પણ લીધી હતી. પરંતુ અત્રે આવ્યા ત્યારે સિઝોફ્રેનીયાએ ગંભીર રૂપ ધારણ કરી લીધું હતું. ઘરમાં કંઈ જ કામ ન કરવું, પોતાની જ દેખભાળ ન કરવી વિગેરેથી તેમનું રોજિંદા જીવનનું ચક્ર ખોરવાઈ ગયું હતું, ખાવા પીવાની શુદ્ધ-બુદ્ધ પણ ગુમાવી દીધી હતી, પરિણામે વજન ઘટવાથી શારીરિક સક્રિયતા કમજોર બની ગઈ હતી, આવી દશા છતાં સારવારના અંતે બહેનનું જીવન પૂર્વવૃત થયું છે, તેમની સારવારમાં ડો.બંસિતા પટેલ અને ડો.યેશા કલ્યાણી પણ સહયોગી રહ્યા હતા.

આ સિઝોફ્રેનીયા શું છે ...?

સિઝોફ્રેનીયા એક એવો માનસિક રોગ છે, જે મગજની કામગીરીમાં રૂકાવટ ઊભી કરે છે, આ રોગને કારણે આગળ જતાં શારીરિક અને માનસિક સુખાકારીને ડામાડોળ કરે છે અને વ્યક્તિના વિચાર,વર્તન અને વ્યવહારને સંપૂર્ણ ખોરવી નાખે છે. આ બીમારીમાં દર્દી કે તેમના નીકટજનોને ખ્યાલ નથી આવતો કે આ એક માનસિક બીમારી છે, પરિણામે તેઓ દોરા ધાગા જેવા અંધવિશ્વાસ તરફ દોરવાઈ જતા હોય છે

ચાંદરાણી મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે નવનિર્મિત 'અમૂલ પાર્લર' નો પ્રારંભ

ભુજ તા.૧૦

તા.૦૯/૦૭/૨૪ ના અમૂલ ફેડરેશનના સ્થાપના દિવસ નિમિતે સરહદ ડેરી દ્વારા અંજાર તાલુકા ના ચાંદરાણી સ્થિત સરહદ ડેરી મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે નવા 'અમૂલ પાર્લર'નું ઉદઘાટન અમૂલ ફેડરેશનના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરી ના ચેરમેન વલમજી હુંબલ દ્વારા કરવામાં આવ્યું હતું, શરૂઆતમાં તેમના દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પાર્લરમાં અમૂલ બ્રાન્ડની તમામ પ્રોડક્ટ્સ જેવી કે દૂધ, દૂધનો પાવડર, ઘી, બટર, ચીઝ, શ્રીખંડ, માખણ, મસ્તી દહી, છાશ, ચોકલેટ, આઈસ્ક્રીમ, પનીર, રબડી, લસ્સી, અમૂલ ખાટી છાસ, મસાલા છાસ, કાઠિયાવાડી છાસ, અમૂલ ઓર્ગેનિક પ્રોડક્ટ, કેમલ મિલ્કના દરેક ઉત્પાદનો, દૂધ, ફ્લેવર મિલ્ક,ચોકલેટ, આઈસ્ક્રીમ કપ, કુલ્ફી કોન, પાર્ટી પેક, ગાયનું ઘી જેવી ૨૦૦ જેટલી વિવિધ પ્રોડક્ટ ગ્રાહકો માટે ઉપલબ્ધ રહેશે. સરહદ ડેરીના ચેરમેન શ્રી હુંબલે આ અવસરે જણાવ્યુ હતું કે, આ અમૂલ પાર્લર ચાંદરાણી મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ ખાતે હોવાથી અધિકારીઓ, કર્મચારીઓ, પ્લાન્ટ પર કામ કરતાં તમામ શ્રમિકો, ટ્રાન્સપોર્ટર, ડ્રાઈવર, ક્લીનર, સુપરવાઈઝર, કોન્ટ્રાકટર વગેરે માટે ખરીદીનું સીધું માધ્યમ બનશે, તેમજ સરહદ ડેરીની મુલાકાતે આવતા વિઝિટર અમૂલની તમામ પ્રોડક્ટ પોતાના સ્વજનો માટે ખરીદી શકશે. આ પ્રસંગે સરહદ ડેરીના એ.જી.એમ નીરવ ગુસાઈ,અમૂલ માર્કેટિંગ કચ્છ બ્રાન્ચ મેનેજર ધવલભાઈ, દૂધ પ્લાન્ટ, આઈસક્રીમ પ્લાન્ટ તેમજ કેટલ ફીડ પ્લાન્ટના અધિકારીઓ તેમજ કર્મચારીઓ વગેરે હાજર રહ્યા હતા.

નખત્રાણા નિષ્કલંકી નારાયણ તીર્થધામે ગુરૂ પૂર્ણિમા ઉજવાશે

આણંદપર(યક્ષ)તા.૧૦

જગદગુરૂ સંતપંથાચાર્ય જ્ઞાનેશ્વર દેવાચાર્યજી મહારાજના આર્શીવાદથી મહંત શાંતિપ્રિયદાસજી મહારાજના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની રવિવાર તા.૨૧/૭ ના ઉજવણી કરવામાં આવશે, આ દિવસે ગુરૂ પૂજન,સંતવાણી,વારીયજ્ઞ, મહા પૂજાનું આયોજન કરવામાં આવ્યું છે. આધ્ય જગદગુરુ સંતપંથાચાર્ય કરસનદાસજી મહારાજ, ગુરૂવર્ય સંત રામદાસજી બાપુ, મહામંડલેશ્વર સ્વામી જયરામહરીજી મહારાજનું ગુરૂપૂજન, સવારે ૮ કલાકે સંતવાણી,૧૦:૩૦ કલાકે વારીયજ્ઞ-મહાપૂજા,૧૨ કલાકે બ્રહ્મ ભોજન સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તા.૨૨/૭ સોમવારથી તા.૧/૮, અગીયાર દિવસના એકાદશી અનુષ્ઠાન કરવામાં આવશે,

આ પ્રસંગે બ્રહ્મભોજનના દાતા સ્વ.નારણ વાલજી ગોરાણી કલ્યાણપર વાળા રહેશે,આ પ્રસંગે દૂરથી આવતા તમામ ભક્તોને આગલા દિવસે પધારવા અને લોકોને આ પ્રસંગોનો લાભ લેવા તીર્થધામના શાંતિપ્રિયદાસજી મહારાજે જણાવ્યું હોવાનું અગ્રણી જયન્તી લીંબાણી એ જણાવ્યું હતું.

ભારત વિકાસ પરિષદ દ્વારા રાપરમાં કાનુની જાગૃતિ સેમીનાર યોજાયો

ભુજ તા.૧૦

ભારત વિકાસ પરિષદ, રાપર શાખા દ્વારા સંસ્થાના સંસ્થાપક સૂર્યપ્રકાશજીની જન્મ જયંતિ સેવા પખવાડીયા તરીકે ઉજવવાનું નક્કી થયું હોઈ, એ અનુસંધાને રાપરમાં 'કાનુની જાગૃતિ' સેમીનાર યોજવામાં આવ્યો હતો. માળખાગત સુવિધાઓના અભાવમાં રહેતા લોકો વચ્ચે રાપરના સ્લમ એરીયા પીરધાર વિસ્તારમાં યોજાયેલા આ સેમીનાર દિપ પ્રાગટય અને વંદેમાતરમ ગીતથી ખુલ્લો મુકાયો હતો, શબ્દોથી આવકાર અપાયા બાદ આ પ્રકલ્પના સંયોજક અને એડવોકેટ મદુભા વાઘેલાએ કાનુનના નવા સુધારા બાબત વિગતે વાત કરી હતી, જયારે આ બાબતે વિશેષ માહિતી પી.એસ.આઈ શ્રી સોલંકી એ આપી હતી, સંસ્થાન પ્રમુખે સંસ્થા અને આ પ્રકલ્પ વિશે માહિતી આપી હતી, નાયબ તાલુકા વિકાસ અધિકારી ભૂપતદાન ગઢવીએ સરકારી યોજનાઓ અંગે, અને બેંક ઓફ બરોડાના મેનેજર કપીલ અંતાણી દ્વારા બેંક સંલગ્ન માહિતી અપાઈ હતી, જ્યારે બેંકમાં પણ સરકારી યોજનાઓનો હોય છે એવી જાણકારી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર રાજીવરંજન ઝા એ આપી હતી. સંચાલન આ પ્રકલ્પના સહસંયોજક એડવોકેટ મહેશભા ગઢવીએ કર્યું હતું, કાર્યક્રમમાં આ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આયોજન માટે સંસ્થાના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો

શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યસંઘની કારોબારીમાં પ્રા.શિક્ષકોના વિવિધ પ્રશ્નો રજૂ કરાયા

કામરેજ(સુરત) ખાતે આયોજિત કારોબારીમાં કચ્છ જિલ્લાના ઉપસ્થિત હોદેદારોએ કચ્છના શિક્ષકોના પ્રશ્નોને વાચા આપી

સુરત તા.૧૦

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની કારોબારી સભા દાદા ભગવાન મંદિર, કામરેજ ખાતે મળી હતી. પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં રાજ્યના તમામ જિલ્લાઓના પ્રમુખ, મહામંત્રી , રાજ્ય સંઘના હોદ્દેદારો, રાજ્ય પ્રતિનિધિઓ સહિત કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ કારોબારી સભામાં રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જયેશ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા પ્રાથમિક શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો અંગે અગાઉ કરવામાં આવેલ આંદોલન અને નિવારણ થયેલ પ્રશ્નો અને બાકી પડતર પ્રશ્નો અંગે ચિતાર અપાયો હતો, તેમણે શિક્ષણમંત્રીની ઉપસ્થિતિમાં જ પ્રાથમિક શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો જેવા કે, ૩૧ જુલાઈના સેટ અપ બાદ ત્વરિત નવી ભરતી પહેલા ઓગસ્ટ માસમાં શિક્ષકોના તમામ પ્રકારના બદલી કેમ્પો કરવા, સમાધાન મુજબ ૨૦૦૫ પહેલાં માટે જૂની પેંશન યોજનાનો ઠરાવ કરવા, ૨૦૦૫ પછીની ભરતી માટે પણ જૂની પેંશન યોજના લાગુ કરવા, એચ-ટાટના નિયમો તાત્કાલિક બહાર પાડવા, P.F.M.S.ગ્રાન્ટ ૧૦૦ ટકા આપવા, વિદ્યાસહાયક માટે બદલી નિયમોમાં ફેરફાર કરવા, બદલી પામેલ શિક્ષકોને તાત્કાલિક છૂટા કરવા, આચાર્ય એલાઉન્સમાં વધારો કરવા, નોન S.O.E. શાળાઓમાં પણ જ્ઞાન સહાયક મૂકવા, કેશલેશ મેડિકલ શરૂ કરવા,૫૦ ટકા મોંઘવારી થતા કેન્દ્રના ધોરણે ઘરભાડું ચૂકવવા, સી.પી.એફ ખાતા ખોલવામાં વિલંબ ટાળવા, કન્ટિજન્સી દરોમાં વધારો કરવા સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. શિક્ષણમંત્રીએ પોતાના ઉદબોધનમાં શિક્ષકોને હક્ક અને ફરજ એક જ સિક્કાની બે બાજુ ગણાવી પ્રશ્નો પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી આગામી સમયમાં પ્રશ્નોના નિવેડા બાબતે ઘટતું કરવા ખાતરી ઉચ્ચારવાની સાથે રાજ્યના પ્રાથમિક શિક્ષણને વધુ ઊંચાઈએ લઈ જવા સાથે ગુણવતા લક્ષી શિક્ષણ માટે સૌને સહિયારા પ્રયાસો કરવા આહવાન કર્યું હતું.

પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા રાજ્યસંઘની ચાલુ ટર્મની મુદ્દત પૂરી થતી હોઈ આગામી ૧૫ ઓગસ્ટ સુધી ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરવા જાહેરાત કરી હતી, રાજ્ય સંઘના નિવૃત્ત થયેલ હોદ્દેદારો શિક્ષણમંત્રી સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાલ અને સન્માન પત્ર વડે સન્માન કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લા સંઘના પ્રમુખ કિરીટ પટેલે સૌને આવકાર આપ્યા બાદ મહામંત્રી સતીશ પટેલ દ્વારા એજન્ડા મુજબની કામગીરી હાથ ધરાઈ હતી, ખજાનચી રણજીતસિંહ પરમારે વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા.

સુરત ખાતેની આ કારોબારી બેઠકમાં કચ્છ જિલ્લામાંથી પ્રમુખ નયનસિંહ જાડેજા, મહામંત્રી કેરણા આહિર, રાજ્યસંઘના ઉપપ્રમુખ હરિસિંહ જાડેજા, હરદેવસિંહ જાડેજા, રામુભા જાડેજા, હર્ષદ પંચાલ, પૃથ્વીરાજસિંહ જાડેજ

આજે વિશ્વ વસ્તી દિવસ : છેલ્લા પચાસ વર્ષોમાં વિશ્વની વસ્તી બમણી થઈ

ભારતની જનસંખ્યા ૧૪૨ કરોડ ૮૬ લાખ છે, જ્યારે ચીનની જનસંખ્યા ૧૪૨ કરોડ ૫૭ લાખ છે. ભારત હવે વિશ્વનો સૌથી વધુ વસતિ ધરાવતો દેશ બની ગયો છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (દ્રહ્લ્છ)ના રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે ભારતમાં હવે ચીન કરતાં લગભગ ૩૦ લાખ વધુ વસતિ છે. આંકડા મુજબ, ભારતની વસતિ ૧૪૨ કરોડ ૮૬ લાખ છે.આ લેખ માહિતી આધારિત છે ,જેમાં વિવિધ સંદર્ભો, અખબારી અહેવાલો નો ઉપયોગ કરીને આ લેખ લખાયો છે .જેની નોંધ લેવી ૧૧ જુલાઈના રોજ આ દિવસ ઉજવવામાં આવે છે, આ ઉજવણી વિશ્વમાં વસ્તી વધારાની સમસ્યા પ્રત્યે લોકજાગૃતી આવે તે માટે કરવામાં આવે છે. આ ઉજવણીની શરૂઆત સંયુક્ત રાષ્ટ્રસંઘનાં સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની સંચાલન પરિષદ દ્વારા ૧૯૮૯માં કરવામાં આવેલ. ૧૧ જુલાઈ ૧૯૮૭ નાં દિવસે વિશ્વની જનસંખ્યા લગભગ ૫ અબજને પાર કરી ગયેલ, જે દિવસ પાંચ અબજ દિન તરીકે ઓળખાવાયો, અને આ દિવસથી પ્રેરીત થઇ જનહીતમાં વિશ્વ વસ્તી દિન ઉજવવામાં આવે છે.આનુવંશિકતાના કુદરતી નિયમ મુજબ પ્રત્યેક સજીવ પોતાના જેવો બીજો સજીવ પેદા કરે છે અને તે પ્રાણી તેમજ વનસ્પતિ દરેકને લાગું પડે છે. માનવી પણ કુદરતના આ નિયમ અનુસાર પોતાના બાળકો પેદા કરે છે અને મહદ્અંશે પોતાના બાળકોનું જીવન પોતા કરતાં પણ વધુ સારું થાય તેવા પ્રયત્નો કરે છે.

જાણ્યું અજાણ્યું
ડૉ.મિહિર એમ.વોરા

આ પ્રક્રિયા એક વ્યક્તિ તરીકે તેમજ એક સમાજ તરીકે, એક દેશ તરીકે અને સમગ્ર રીતે જોતાં માનવજાત તરીકે પણ નિભાવે છે.આપણે જાણીએ છીએ કે પ્રત્યેક મનુષ્ય પોતાના સંતાનો માટે અને દરેક પેઢી આગામી પેઢીના ઉત્કર્ષ માટે કંઈક કરવાની ઈચ્છા ધરાવતી હોય છે. એટલે કે વસ્તી એ વ્યક્તિ, દેશ કે વિશ્વ માટે પોતાના સોનેરી ભવિષ્ય નિર્માણ માટે અનિવાર્ય જરૂરિયાત છે. જો વસ્તી એ દરેકની જરૂરિયાત છે તો પછી આઝાદીથી અત્યાર સુધી વસ્તી-વધારો એ ભારતની પ્રથમ અને પાયાની સમસ્યા કેવી રીતે બની શકે ? તે જ પ્રમાણે રશિયામાં વધુ બાળકોવાળા કુટુંબોને ઈનામો અને પ્રોત્સાહન મળતું હોય, જાપાનમાં સરેરાશ ઉંમર વધતાં યુવા વસ્તીની ઘટ પડતી હોય, યુરોપમાં મધ્ય-પૂર્વમાંથી ગૃહ યુદ્ધ અને આતંકવાદનો ભોગ બનેલ લાખો અને કરોડો શરણાર્થીઓ સમાવી લેવાતાં હોય, અમેરિકા જેવા વિકસિત દેશમાં વિશ્વભરમાંથી લોકોને ઉચ્ચ જીવનધોરણ આપી વસાવાતા હોય અને આ બધું યોજના બદ્ધ રીતે આયોજન કરી કરાતું હોય ત્યારે ભારત માટે વસ્તી એ સમસ્યા કેવી રીતે ગણાય ? તે જાણવું અને સમજવું આજના તબક્કે ખૂબ જ અનિવાર્ય છે.વસ્તીના વિતરણ અને કુદરતી સંપત્તિના વૈશ્વિક વિતરણને સમજવું જરૂરી છે. યૂરોપના દેશોમાં બે વિશ્વયુદ્ધો દરમિયાન મોટાપાયે યુવાવસ્તી મૃત્યુ પામી. જેના કારણે વસ્તીવૃદ્ધિનો દર ખૂબ ઘટી ગયો. વસ્તીમાં વૃદ્ધોનું પ્રમાણ વધતાં ઉત્પાદક-વસ્તી (૧૮ થી ૪૦ વર્ષ) ઉપર વૃદ્ધોને નીભાવવાની જવાબદારી વધી. તેમ છતાં આ દેશોમાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસ વધું થયેલું હોઈ અને વિશ્વના દેશોનું વિશ્વયુદ્ધો પહેલાના સમયમાં સામ્રાજ્યવાદી નિતિથી અથવા અનિતિથી શોષણ કરેલું હોઇ યૂરોપમાં જીવનધોરણ ઊંચું જળવાઈ રહેલ છે. એ જ પરિસ્થિતિ અમેરિકા, જાપાન અને અન્ય વિકસિત દેશોની છે.

વિકસિત દેશોમાં શિક્ષણનું પ્રમાણ ઊંચું હોય છે અને ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત લોકો ઓછી વસ્તી પેદા કરવાનું વલણ ધરાવે છે. કેટલાંક દેશોમાં તો લગ્ન અને કુટુંબ જેવી સામાજિક સંસ્થાઓનું અસ્તિત્વ પણ સંકટમાં છે. યુવક-યુવતીઓ પોતાની જવાબદારી ન વધારવાની વૃત્તિથી લગ્ન વિના ચલાવી લેવાનું વલણ ધરાવતા થયા છે.તેની સામે ખાસ કરીને એશિયા એટલે કે દુનિયાનો સૌથી જૂનો અને સૌથી ગીચ વસ્તી ધરાવતો ખંડ એ પ્રમાણમાં અવિકસિત અથવા વિકાસશીલ દેશોનો ખંડ છે. અહીં પરિસ્થિતિ તદ્દન વિરોધી છે. વસ્તીનો ઉચ્ચ વૃદ્ધિ દર, વસ્તીની અતિશય ગીચતા, અશિક્ષા, ગરીબી, બીમારી વગેરે વિકાસશીલ દેશોની સૌથી મોટી સમસ્યાઓ છે. હાલમાં સમગ્ર દુનિયાની વસ્તી ૭.૦૨ અબજ જેટલી છે. ભારતમાં કુલ વસ્તી ૧.૨ અબજ એટલે કે અમેરિકા, જાપાન, પાકિસ્તાન, ઇન્ડોનેશિયા, બ્રાઝિલ અને બાંગ્લાદેશ જેવા દેશોની કુલ વસ્તીની સમકક્ષ છે. ૨૦૧૧ની છેલ્લી વસ્તીગણતરી પ્રમાણે ગુજરાતની વસ્તી ૬.૦૩ કરોડ નોંધવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સના એક અહેવાલ મુજબ છેલ્લા પચાસ વર્ષોમાં વિશ્વની વસ્તી બમણી થઈ ગઈ છે. વસ્તી વિસ્ફોટ એ આજે એશિયાના દેશો માટે મુખ્ય સમસ્યા બની ગઈ છે. એક ગણતરી પ્રમાણે વિશ્વભરમાં દર એક સેકંડમાં લગભગ ચાર બાળકો જન્મે છે. આટલી ઝડપે વસ્તીમાં વધારો થતો રહેવાના કારણે વર્ષભરમાં આંકડો અધધ કહેવાય તેટલા નવા આંકડાને સ્પર્શતો રહે છે. તે સત્યથી આપણે સૌ અવગત છીએ. કુદકે-ભુસકે વધતી જનસંખ્યા પર ખરેખર નિયંત્રણની જરૂર છે. જેનાથી ભવિષ્યમા સર્જાનારી મૂશ્કેલીઓને આપણે દૂર રાખી શકીએ. જે રીતે પૂર કે સુનામી આવે તો એ તેની સાથે મોટા પ્રમાણમાં કચરો, ચીજવસ્તુઓ, વૃક્ષો વગેરે જેવી અનેક વસ્તુઓ સાથે લઈને આવે છે, તેવી જ રીતે વસ્તી વધારાનું પ્રચંડ પૂર તેની સાથે અનેક મુશ્કેલીઓ લઈને આવે છે, અનેક પ્રશ્નો લઈને આવે છે. વધતી જનસંખ્યાથી દેશનો આર્થિક વિકાસ રૂંધાઈ રહ્યો છે, ગરીબી વધી રહી છે, પર્યાવરણની સમતુલા ખોરવાઈ રહી છે. આપણે જ આપણા ભવિષ્યને ખોરવી રહ્યા છે. બેફામ વસ્તી વધવાના કારણે સમગ્ર વિશ્વ જાણે કે ભયાનક વિસ્ફોટ બોમ્બ પર ઊભું છે. વસ્તી વધારાને કારણે જીવનજરૂરિયાતની વસ્તુઓ, ભોજન અને રહેઠાણ જેવી સુવિધાઓના અભાવની સમસ્યાઓ સર્જાય છે, સરકાર દ્વારા આવી સમસ્યાઓના નિવારણ માટેની અનેક યોજનાઓ અમલમાં મૂકાય છે પરંતુ વધતી જતી વસ્તીને પરિણામે આનું કોઈ નોંધનીય કે હકારાત્મક પરિણામ મેળવી શકાતું નથી. વસ્તી વધારાનું આ પ્રચંડ પૂર તેની સાથે બેરોજગારી, ગરીબી, પ્રદૂષણ, કુપોષણ, જીવન જરૂરી વસ્તુઓની અછત વગેરે જેવી અનેક સમસ્યાઓ અને પ્રશ્નો સાથે લઈને આવે છે. અન્ય સાઈડ ઈફેક્ટસમાં બેકારી અને ગરીબીના પરિણામે ગુનાખોરી, ચોરી, અપરાધિક સમસ્યાઓ પણ સમાજમાં મોટાપાયે અરાજકતા ફેલાવતી રહે છે. આ પ્રત્યેક પ્રશ્નોની આડઅસરો વૈશ્વિક સમસ્યારૂપે પરેશાન કરી રહી છે અને ઉપરથી દેખાય છે તેથી વધુ ઊંડા તેના મૂળિયા છે.

ભારત પર વસ્તી વધારાની અસર

જેવી રીતે ભારતમાં બેરોજગારીનું સ્તર ઊંચું છે તેવી જ રીતે આરોગ્યની દ્રષ્ટિએ એટલું જ કથળેલું પણ છે. આરોગ્યની બાબતમાં ભારતનું સ્થાન વિશ્વમાં ૧૧૧ મું છે. વસ્તી વધારાને કારણે, પ્રાથમિક સુવિધાઓના અભાવને કારણે ગરીબી અને અજ્ઞાનતા વધે છે. જેને કારણે લોકોમાં જાગૃતિનો અભાવ ગંદકી અને રોગચાળાનું નિમિત્ત બને છે. ગરીબ લોકો જાગૃતિના અભાવે વસ્તીવધારાના ગંભીર પરિણામોને ગંભીરતાથી લેતાં જ નથી. આના સીધા પરિણામ રૂપે ધનિકો વધુ ધનિક બની રહ્યા છે અને અભણ-ગરીબ વર્ગ વધુ ગરીબ બની રહ્યા છે. ભણતરથી સામાન્ય સમજ તથા જાગૃતિ આવે છે અને દરેક પરિસ્થિતિના ભાવિ પરિણામો વિશેની સભાનતા કેળવાય છે જે નીચલા વર્ગમાં સ્વાભાવિકપણે જ ઓછી દેખાય છે. ભારત દેશ આજે વિકાસશીલ દેશ મટી વિકસિત દેશોની હરોળમાં ઊભો થઈ રહ્યો છે, વિકાસની કેડી પકડી ચૂક્યો છે પણ ધારી સફળતા મળતી નથી. દેશનું અર્થતંત્ર ધીમું પડે, તેની ગતિ-પ્રગતિ અવરોધાય એટલી હદે અને એ ઝડપે વસ્તી દર વધી રહ્યો છે. આ સમસ્યા માત્ર ભારતને જ નહીં સમગ્ર એશિયાના દેશો માટે માથાના દુઃખાવા સમાન બની ગઈ છે. વિશ્વ વસતી દિવસની હોંશભેર ઉજવણી ના કરવાની હોય પણ જે ઝડપે વિશ્વભરની વસતી બોમ્બ સમાન વિસ્ફોટક બની રહી છે, વૃદ્ધિ દર બેફામ રીતે વધી રહ્યો છે તેના પરત્વે યુદ્ધના ધોરણે પગલાં લેવાવા જોઈએ. જે ઘરમાં બેથી વધુ બાળકો હોય તેને અમુક તમુક સરકારી લાભોથી યોજનાઓથી વંચિત રાખવાની જાહેરાત પણ થઈ જ ગયી છે.બાળલગ્નો અટકાવવા પણ એટલા જ જરૂરી છે. વધુ બાળકો જન્મવા માટે બાળલગ્નો પણ એટલા જવાબદાર છે.૧.૨૨ અબજને આંબી ગયેલી ભારત દેશની વસતીમાં હજુ લાખો, કરોડો પ્રાથમિક સુવિધાથી પણ વંચિત છે. નથી તેમની પાસે ઘરનું ઘર કે નથી આવકનું કોઈ નક્કર સાધન. છતાં નવાઈની વાત એ છે કે તેમના કહેવાતા ઘરોમાં એક એક પરિવારમાં ચારથી પાંચ નાગા-ભૂખ્યા બાળકો તો જોવા મળશે જ! દેશની આશરે ૬૦ % ઉપરની વસતી ગરીબી રેખા નીચે જીવી રહી છે છતાં વસતીવધારા જેવી રાષ્ટ્રીય તથા વ્યક્તિગત વિકાસને રુંધતી સમસ્યા કાબૂમાં આવવાનું નામ નથી લેતી.

જળ-જમીન જેવા કુદરતી સંસાધનો, પર્યાવરણ જેવા મહત્વના મુદ્દે દબાણ કરતા વસ્તી વિસ્ફોટના મહાપ્રશ્નનો યોગ્ય સમયે, યોગ્ય રીતે ઉકેલ લાવવાની શરૂઆત નહીં કરાય તો શક્ય છે કે એક દિવસ એવો પણ આવશે કે ના તો રસ્તા પર ચાલવાની કે વાહનો ચલાવવાની જગ્યા રહેશે કે ના ઘરોમાં કે જાહેર સ્થળો પર શ્વાસ લેવા જેટલી જગ્યા બચશે. વસ્તી વૃદ્ધી એ સમગ્ર વિશ્વની સાથે ભારત માટે પણ ખૂબ ગંભીર સમસ્યા છે. ચીન જેવા સામ્યવાદી દેશોમાં વસ્તી નિયંત્રણ પ્રમાણમાં સરળ છે જ્યારે આપણે ત્યાં એ ખૂબ જટિલ આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યા છે. તેમ છતાં, આજે આપણા ઉત્સાહી વડાપ્રધાન દુનિયાભરમાં ભારત એ વિશ્વનો સૌથી યુવા વસ્તી ધરાવતો દેશ હોવાની વાત કરે છે તે પણ હકીકત છે. ભારતમાં સૌથી વધું પ્રમાણમાં ઉત્પાદક એટલે કે ૧૮ થી ૪૦ વર્ષની વસ્તી છે. જો આ વસ્તીને પૂરતી સગવડ, શિક્ષણ અને રોજગારી આપવામાં આવે તો ચમત્કાર સર્જાઈ શકે જે હાલ સંભવિત દેખાતું નથી. ખરેખર તો વિશ્વમાં કુદરતી સંપત્તિ અને જમીનના પ્રમાણમાં વસ્તીનું અસમાન વિતરણ એ સમસ્યા છે. જો ઓસ્ટ્રેલિયા કે જેનું ક્ષેત્રફળ ભારત કરતાં વધું હોય અને વસ્તી માત્ર ભારતનાં વાર્ષિક વસ્તી વધારા જેટલી હોય તો ત્યાં આવેલી અફાટ કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવા અને તેને વપરાશમાં લાવવા પણ બહારનાો દેશોમાંથી લોકો લઈ જવા પડે છે. આફ્રિકાના દેશોમાં પુષ્કળ કુદરતી સંપત્તિ વપરાયા વગરની છે જે ત્યાંની પ્રજામાં ટેકનોલોજીકલ અને શૈક્ષણિક લાયકાત કેળવી વપરાશમાં લેવામાં આવે તો તેમનું જીવનધોરણ સુધારી શકાય. ચીન જેવા દુનિયાના સૌથી વધુ વસ્તી ધરાવતાં દેશમાં પણ લાંબા સમયથી અમે બે-અમારું એક ની નિતિ બદલી બે બાળકની હિમાયત કરાઈ છે ત્યારે વસ્તીને સમસ્યા કરતાં સંપત્તિ ગણવાની વૈશ્વિક નિતિ હોવા છતાં આપણા દેશમાં તો આજે પણ વસ્તી અને વસ્તીવૃદ્ધિ એ સમસ્યા જ છે. આશા રાખીએ કે આવા દિવસોની ઉજવણી દ્વારા આપણે સૌ આ ગંભીર સમસ્યા તરફ સભાન થઈ તેનો યોગ્ય ઉકેલ શોધીએ, જેથી કરીને આવનાર પેઢીઓ માટે આપણે કાંઈક સારું મૂકીને જઈ શકીએ.

લ્યો બોલો...સમસ્યાથી ત્રસ્ત લોકોએ ગાંધીધામમાં પાલિકાની ટીમને પુરી દીધી !

■ હાલ સમસ્યાનો ઉકેલ તો આવી ગયો છે પરંતુ તમામ નગરપાલિકા માટે આ કિસ્સો ચેતવણીરૂપ છે. કેમકે સમસ્યાથી ત્રસ્ત લોકો હવે ધીરજ ખોઇ રહ્યા છે. ત્યારે માત્ર વહીવટ અને વિકાસના કામો શરૂ કરી દેવાથી નહી પરંતુ ખરેખર તે કામો લોક ઉપયોગી બને નહી કે સમસ્યા તે તરફ પણ ધ્યાન દેવાની જરૂરી છે.

ભુજ હોય કે કચ્છની અન્ય નગરપાલિકા સમસ્યાતી ત્રસ્ત લોકોએ અનેકવાર પાલિકા સામે મોરચો ખોલ્યો છે. અને અનેક વિસ્તારો વિવિધ સમસ્યાથી પરેશાન છે. ત્યારે ગાંધીધામમાં સમસ્યાથી ત્રસ્ત લોકોએ અનોખી રીતે પોતાનો વિરોધ પ્રદર્શીત કર્યો છે. ભલે કાયદામાં આવુ કરવુ યોગ્ય નહી હોય પરંતુ લોકોના આવા વિરોધ પરથી એટલુ સ્પષ્ટ થાય છે. કે લોકો સ્થાનીક પાલિકા પ્રસાશનથી કેટલા ત્રસ્ત હશે બુધવારે ગાંધીધામ પાલિકાની ટીમ મહેશ્વરીનગર વિસ્તારમાં લોકોની સમસ્યા અંગે કામગીરી માટે ગઇ હતી. જો કે સમસ્યાનો ઉકેલ તો ન આવ્યો પરંતુ લોકોએ વારંવારની રજુઆતથી ત્રસ્ત થઇ કામ કરવા માટે આવેલી પાલિકા ટીમનેજ હોલમા પુરી દીધા હતા. વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી ત્રસ્ત રહેવાસીઓએ આ પ્રકારે પોતાનો વિરોધ દર્શાવ્યો હતો ગઇ રાત્રે વરસાદ

પડ્યા બાદ કલાકો વીતી ગયા છંતા હજુ પણ ઘરોમાં પાણી ભરાયેલા રહેતા નારાજ રહેવાસીઓએ આવુ પગલુ ભર્યુ હતુ સ્થાનીક લોકોએ આ વિસ્તારની સમસ્યા અંગે પોતાની વાત મુકી હતી. અને જણાવ્યુ હતુ કે અહી બનેલા રસ્તા અને કામોથી થોડા વરસાદમાજ પાણી ભરાઇ જાય છે. જે ફરીયાદો બાદ કાઢવા માટે કોઇ આવતુ નથી જો કે આજે લોકોએ પોતાનો વિરોધ ઠાલવ્યો હતો. અને ગાંધીધામમાં પાલિકાની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કરી ટીમના સભ્યોને સમાજવાડીમાં પુરી દીધા હતા. જેમાં કાઉન્સીલરના પતિ અને ભાજપના કાર્યકરો પણ સાથે હતા.સમાજવાડીમા બેઠક યોજાયા બાદ સ્થાનીક લોકોએ સમાજવાડીના તાડા મારી દીધા હતા. જો કે બાદમા પાલિકા તથા પોલીસને જાણ થતા પોલીસ પહોંચી હતી અને સમાજવાડીમા પુરાયેલા ટીમના સભ્યોને બહાર કાઢ્યા હતા. અને પાલિકા કચેરી લઇ ગયા હતા જે બાદ કાર્યવાહી તથા સમગ્ર ઘટના અંગે જાણકારી મેળવી કાર્યવાહી માટે ચર્ચા કરાઇ હતી જો કે કલાકો સુધી સ્થાનીક લોકોના રોષને કારણે ટીમને સમાજવાડીમાં પુરાઇ રહેવુ પડ્યુ હતુ. સમગ્ર શહેરમા આ ઘટનાએ ભારે ચકચાર સર્જી હતી.

લોકોની રજુઆત યોગ્ય કામ થયુ નથી

સ્થાનીક લોકોએ આજે ગાંધીધામના આ વિસ્તારમા થયેલા રસ્તાના કામો સામે સવાલ ઉભા કર્યા હતા અને તેની કારણેજ પાણી ભરાઇ ગયા હોવાનો આક્ષેપ કર્યો હતો થોડા વરસાદ બાદ લોકોએ આખી રાત પાણી વચ્ચે કાઢી હતી તો આસપાસ થઇ ગયેલા દબાણો તથા ગટરના કામ યોગ્ય ન થયા હોવાની પણ સ્થાનીક લોકોએ ફરીયાદ કરી હતી. જે બાદ આજે લોકોએ આ રીતે વિરોધ નોંધાવ્યો હતો.વરસાદી લોકોની ફરીયાદ છે કે પાણીના નિકાલ માટેની યોગ્ય વ્યવસ્થા નથી જે કામો થઇ રહ્યા છે. તે અનેક વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે સમસ્યા સર્જશે અગાઉ આવીજ સમસ્યાને લઇને ગાંધીધામના ધારાસભ્ય માલતી મહેશ્વરીને પણ લોકોએ પુરી દીધા હતા. જે મામલો રાજકીય તથા સામાજીક રીતે ખુબ ચર્ચાયો હતો.

યોગ્ય કામગીરી થશે : પાલિકા પ્રમુખ

સમગ્ર ઘટના અંગે નગરપાલિકાના પ્રમુખ તેજસ સેઠનો સંપર્ક કરાતા તેઓએ સમસ્યા અંગે સ્વીકાર કર્યો હતો. ઘટના બન્યા બાદ આ વિસ્તારના રહીસો પાલિકા કચેરીએ પણ પહોચ્યા હતા અને પોતાની વાત રજુ કરી હતી. ત્યારે પ્રમુખે જણાવ્યુ હતુ કે નાલાનુ કામ કાલે શરૂ કરી દેવાશે જેથી હાલ સ્થાનીકોનો રોષ ઓછો થયો છે.રસ્તાનુ કામ જે શરૂ કરાયુ છે તે ઉંચો હોવાથી સમસ્યા સર્જાઇ છે. અને ઘણા ઘરોમાં પાણી ભરાઇ ગયુ હતુ. જે સમસ્યાના ઉકેલ માટે કાલથી કામ ચાલુ કરાશે આજે લોકોને પુરી દેવાયા હતા તે મામલે તેઓએ જણાવ્યુ હતુ કે સમિતીની ચેરમેન,ઇન્જીન્યર,કોન્ટ્રાક્ટર,ધમેન્દ્ર મેઘાણી સહિતની ટીમ સવારે ગઇ ત્યારે લોકોએ વિરોધ નોંધાવ્યો હતો પરંતુ ચીફ ઓફીસર તથા સમગ્ર ટીમે લોકોની વાત સાંભળી તેમના યોગ્ય ઉકેલની ખાતરી આપી છે.

મુન્દ્રામાં પણ બગીચાનો વિકાસ સમસ્યા બન્યો...

ગાંધીધામમાં જે રીતે વિકાસના નવા કામ સમસ્યા બન્યા છે તેવીજ રીતે મુન્દ્રાના પ્રિક્ષા પાર્કમાં ખાનગી કંપની ના સહયોગથી મુન્દ્રા બારોઇ નગર પાલિકા દ્વારા ૩ કરોડ ના ખર્ચે આધુનિક બગીચા નું નિર્માણ કરાયુ છે.પરંતુ બગીચો શરૂ થતા પાર્કિંગ ટ્રાફિકનો પ્રશ્ન અને અસામાજિક તત્વોના ત્રાસ થી ચાર મહિના બંધ રહ્યો છે.બગીચા માં આવતા લોકો આ વિસ્તારમાં આડેધડ પાર્કિંગ કરે છે અને ટ્રાફિક ની સમસ્યા થી સ્થાનીક લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.પ્રિક્ષા પાર્ક સોસાયટીના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાની આગેવાનીમાં મુન્દ્રા નગરપાલિકા કચેરીમાં નગર અધ્યક્ષા રચના જોષી ને સોસાયટીના લોકોએ વિવિધ મુદે રજૂઆત કરી આવેદનપત્ર પાઠવ્યું હતું.સોસાયટીની મહિલા એ જણાવ્યું હતું કે જ્યારે બગીચો ચાલુ રહ્યો હતો ત્યારે અસામાજિક તત્વો નો ત્રાસ વધ્યો હતો અને મહિલા ઓ સાથે છેડતી

પ્રીક્ષા પાર્ક સોસાયટીના રહેવાસીઓ એ આધુનિક બગીચા થી ઉદભવેલી સમસ્યા અંગે રજૂઆત કરી મુન્દ્રા બારોઇ નગરપાલિકા ના પ્રમુખ ને લેખિત માં આવેદનપત્ર પાઠવી પોતાની વ્યથા ઠાલવી હતી

અને અભદ્ર ટિપ્પણી ના બનાવો બન્યા હતા આ મુદે મહિલાઓ એ મુન્દ્રા પોલીસ મથક માં રજૂઆત કરી હતી અને પોલીસ પેટ્રોલિંગ પણ કરાયું હતું બાદ માં બગીચો બંધ થઈ ગયો હતો.રહિસોએ બગીચાના વહીવટ અંગે પણ સવાલો ઉભા કરી યોગ્ય સંચાલનની વાત કરી હતી રજુઆત બાદ પ્રમુખે જણાવ્યુ હતુ કે પાર્કિંગ અને ટ્રાફિકનો પ્રશ્ન છે તે માટે વિચારવા માં આવશે. તેમ જણાવી એક બેઠક પણ યોજી હતી. જેમાં સમિતી બનાવવા સહિતના મુદ્દે ચર્ચા થઇ હતી.સુધરાઇ ના પૂર્વ પ્રમુખ કિશોરસિંહ પરમાર એ જણાવ્યું હતું કે બગીચા ના કારણે પ્રિક્ષા પાર્ક ના રહેવાસીઓ ની જે માગણી છે તે માટે નગરપાલિકા ટ્રાફિકનો પ્રશ્ન અને બીજા પ્રશ્નો હલ કરવા પુરતા પ્રયત્નો કરશે તેવી ખાતરી આપી હતી. સુધારાઇના પ્રમુખ શહેરના અન્ય બગીચાના વિકાસ સાથે અહીની સમસ્યાના ઉકેલ માટે ખાતરી આપી હતી.પ્રકાશ પાટીદાર,શૈલેષ માલી,પ્રણવ જોષી સહિત જવાબદારો રજુઆત સમયે જોડાયા હતા

ચકચારી કેસમાં નીતા ચૌધરી પોલીસને થાપ આપી ગઈ !

ભુજ તા.૧૦

સમગ્ર ગુજરાત અને ખાસ કરીને કાયદા આલમમાં ભારે ચરચાર સર્જનાર કચ્છના ભચાઉના કેસમાં રોજ નવા વંણાકો આવી રહ્યા છે. બુટલેગરનો પીછો કરતા સાથે સીઆઇડી ક્રાઇમની મહિલા કોન્સ્ટેબલ નિકળતા પોલીસ ચોંકી ઉઠી હતી અને ત્યારથી જાણે પોલીસને તમામ મોરચે નિષ્ફળતા મળી રહી છે.પહેલા પોલીસ પર કાર ચડાવવામાં કેસમાં બુટલેગર તથા મહિલા કોન્સ્ટેબલના રીમાન્ડ ન મળ્યા ત્યાર બાદ નીચલી કોર્ટે નીતા ચૌધરીના જામીન મંજુર કરી નાંખ્યા અને ત્યાર બાદ રીમાન્ડની કાર્યવાહી અને બાદમા સેસન્સ કોર્ટે જામીન રદ કર્યા આ તમામ વચ્ચે આજે કોર્ટના આદેશનુ પાલન કરવા માટે નિતા ચૌધરીને શોધવા નિકળેલી પોલીસને સફળતા મળી નથી અને પોલીસ દોડતી થઇ છે. ગઇકાલે સેસન્સ કોર્ટે નીચલી કોર્ટ ના જામીનના હુકમને માન્ય ન ગણી તેના જામીન રદ કરી કસ્ટડીમાં લેવા કહ્યુ હતુ બાદમાં પોલીસે આદિપુર સ્થિત તેના ઘર સહિત અન્ય સ્થળો પર શોધખોળ શરૂ કરી હતી પરંતુ તે મળી ન હતી જેથી ભચાઉ પોલીસ ઉપરાંત પુર્વ કચ્છની મહત્વની બ્રાન્ચ પણ તેને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.પોલીસની સમગ્ર કાર્યવાહીથી જાણકાર નીતા ચૌધરી અન્ડર ગ્રાઉન્ડ થઈ જતા આ કેસમાં હવે નવો વંણાક આવે છે. અને પોલીસ સાથે સંતાકુકડી રમતી નીતા ચૌધરી ક્યારે પોલીસની ગીરફતમા આવે છે તે જોવુ અગત્યનુ રહેશે જો કે હાલ આ કેસ અને તેમા કાયદાના રક્ષકોની કામગીરી સામે અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે.

નિતા ચૌધરીની લાઇફ સ્ટાઇલ તેની સાથે સંકળાયેલા લોકો અંગે ઉઠી રહેલા સવાલો અને હવે કાયદાકીય કાર્યવાહીમાંથી છટકબારી શોધી તેનુ અચાનક ગુમ થઇ જવુ અનેક સવાલો ઉભા કરે છે. તેવામાં આ મહત્વના કેસની તપાસ હવે રાજ્યની મહત્વની એજન્સીને સોંપી દેવામાં આવે તો અનેક ચોંકવનારા ખુલાસા થાય તેવુ સુત્રો જણાવી રહ્યા છે.

નીતા ચૌધરી ના જામીન રદ થતાં પોલીસ તેને પકડવા આદિપુર સ્થિત તેના ઘરે પહોંચી હતી તો તેના પતિનો સંપર્ક પણ વ્યર્થ રહ્યો હતો પાલનપુર થી લઇ કચ્છમાં તેના સંપર્કમાં હોઇ શકે તેવા તમામ લોકોને હાલ પોલીસ પુછી નીતા ચૌધરી અંગે તપાસ કરી રહી છે. પરંતુ હાલ તે હાથ લાગી નથી પુર્વ કચ્છ પોલીસવડાએ તેને શોધવા માટે તપાસ ચાલુ હોવાનુ જણાવ્યુ હતુ.

પોલીસ દ્વારા પીરધાર-જાટાવાડામાં કાયદા જાગૃતતા અભિયાન

રાપર તા.૧૦

સરહદી વિસ્તાર ધરાવતા પૂર્વ કચ્છના રાપર તાલુકાના બાલાસર પોલીસ સ્ટેશન વિસ્તારના જાટાવાડા ગામની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા જાટાવડા ખાતે પૂર્વ કચ્છ જિલ્લા પોલીસવડા સાગર બાગમારની સુચના તથા સીપીઆઈ એમ.એન દવે ના માર્ગદર્શન હેઠળ બાલાસર પી એસ આઇ એસ.વી.ચૌધરી, ડી.પી કાનાણી, વિક્રમ દેસાઈ, મહેશ ઢીલા પોલીસ સ્ટાફ સાથે શાળાના પ્રિન્સિપલ,શાળાના સ્ટાફ અને ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થી ઓ અને વિદ્યાર્થીની ઓની હાજરીમાં નવા કાયદાની જાગૃતિ અંગે અવેરનેશનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં પીએસઆઇ એસ.વી.ચૌધરીએ નવા કાયદા,ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની વિદ્યાર્થી ઓમાં અવેરનેસ આવે તે માટે સમજ આપવામાં આવી હતી, વધુમાં સાયબર ક્રાઇમ અવેરનેસ હેલ્પલાઇન નંબર ૧૯૩૦, ટ્રાફીક અવેરનેસ, ટ્રાફિકના નિયમો વિશે પણ વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. તો બીજી તરફ રાપર પોલીસ સ્ટેશન હેઠળ આવેલા પીરધાર વિસ્તારમાં નવા કાયદા અંગે જાગૃતતા અભિયાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, પીઆઈ જે.બી. બુબડિયાના માર્ગદર્શન હેઠળ રાપર કોર્ટના સિનિયર જજ સન્યાલ તથા એડવોકેટ મહેશભા ગઢવી, પીએસઆઇ વી.એસ સોલંકી તથા પોલીસસ્ટાફ દ્વારા નવા કાયદાઓ અંગે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી, આયોજનમાં ભારત વિકાસ પરિષદ રાપરનો સહયોગ મળ્યો હતો પીઆઈ શ્રી બુબડીયાએ સાયબર ક્રાઇમ અવેરનેસ તથા નાર્કોટિક્સ ડ્રગ્સ હેલ્પલાઇન નંબર ૧૯૦૮ અંગે વિસ્તૃત જાણકારી સાથે ટ્રાફિકના નિયમો અંગે જાણકારી આપવામાં આવી હ